# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ



# ૧૪ મો વાર્ષિક અહેવાલ

## વર્ષ - ૨૦૧૨-૧૩

# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

## ચૌદમો વાર્ષિક અહેવાલ
## ૨૦૧૨-૧૩


છઠ્ઠો માળ, ગીફ્ટ વન,
રોડ ૫-સી, ઝોન ૫, ગીફ્ટ સીટી,
ગાંધીનગર-૩૮૨૩૫૫.

**Website :** www.gercin.org **E-mail :** gerc@gercin.org

# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

**આયોગ વીજળી અધિનિયમ-૨૦૦૩ની**
**કલમ ૧૦૫ અન્વયે ૨૦૧૨-૧૩ નાણાકીય વર્ષ**
**માટેનો ચૌદમો વાર્ષિક અહેવાલ રજૂ કરે છે.**

**દિલીપ રાવલ,** આઈ.એ.એસ.
**સચિવ**
**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ**

# વિષય-સૂચિ


જોડાણો ... ii
સંક્ષેપાક્ષર ... iii
અધ્યક્ષ સ્થાનેથી ... iv
૨૦૧૨-૨૦૧૩ની પ્રવૃત્તિ વિશેષતા ... v

**૧. આયોગનું વ્યવસ્થા માળખું ... ૦૧**
૧.૧ આયોગ ... ૦૧
૧.૨ પૂર્વ જરૂરી સગવડો ... ૦૧
૧.૩ સ્ટાફ ... ૦૨

**૨. આયોગના કાર્યો ... ૦૩**
૨.૧ આદેશ ... ૦૩
૨.૨ કાર્યો ... ૦૩
૨.૩ વિનિયમો ... ૦૩

**૩. વર્ષ દરમિયાન પ્રવૃત્તિઓ ... ૦૬**
૩.૧ પ્રશુલ્ક નક્કી કરવો ... ૦૬
૩.૨ રાષ્ટ્રીય વિદ્યુત નીતિના પરિપ્રેક્ષ્યમાં વર્તમાન સ્થિતિ ... ૧૬
૩.૩ પ્રશુલ્ક નીતિના પરિપ્રેક્ષ્યમાં વર્તમાન સ્થિતિ ... ૧૯
૩.૪ મહત્વના અન્ય આદેશો ... ૨૫
૩.૫ પીટીશનો અને અપીલોનો નિકાલ ... ૨૮
૩.૬ તકરારો અને મતભેદોનો ન્યાય નિર્ણય ... ૩૦
૩.૭ રાજ્ય સલાહકાર સમિતિ ... ૩૦
૩.૮ તાલીમ કાર્યક્રમ ... ૩૧
૩.૯ નિયંત્રક ફોરમની બેઠકો ... ૩૨
૩.૧૦ ભારતીય નિયંત્રક ફોરમની બેઠકો ... ૩૨

**૪. વાર્ષિક હિસાબો ... ૩૩**
**૫. ગુજરાતમાં ઉર્જાક્ષેત્રનું ચિત્ર-એક દષ્ટિપાત ... ૩૫**

# જોડાણો


| | | | |
|---|---|---|---|
| ૧. | આયોગનું આંતરિક માળખું | ... | ૪૩ |
| ૨. | આયોગનો વ્યવસ્થા ચાર્ટ | ... | ૪૪ |
| ૩. | ૨૦૧૨-૧૩ દરમિયાન નિકાલ કરેલ પીટીશનનો વિગતો | ... | ૪૫ |
| ૪. | ૨૦૧૨-૧૩ દરમિયાન નિકાલ કરેલ પ્રકીર્ણ અરજીઓની વિગતો | ... | ૫૩ |
| ૫. | ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે અધિસૂચિત કરેલા વિનિયમોની યાદી | ... | ૫૩ |
| ૬. | ગ્રાહક તકરાર નિવારણ ફોરમની કચેરીની વિગત | ... | ૫૫ |
| ૭. | ૨૦૧૨-૧૩ દરમિયાન ગ્રાહક તકરાર નિવારણ ફોરમની કામગીરી | ... | ૫૬ |
| ૮. | ૨૦૧૨-૧૩ દરમિયાન નિકાલ કરેલ ફરિયાદોની પ્રકારવાર યાદી | ... | ૫૭ |
| ૯. | રાજ્ય સલાહકાર સમિતિની રચના | ... | ૫૮ |

# સંક્ષેપાક્ષરો

| | |
|---|---|
| ARR | એકંદર મહેસુલ જરૂરિયાત |
| ABT | પ્રાપ્યતા આધારિત પ્રશુલ્ક |
| BPL | ગરીબી રેખા નીચે |
| CEI | મુખ્ય વીજળી નિરીક્ષક |
| CERC | કેન્દ્રીય વિદ્યુત નિયંત્રક આયોગ |
| CERS | ગ્રાહક શિક્ષણ અને સંશોધન સોસાયટી |
| CIRE | કેન્દ્રીય ગ્રામ્ય વીજળીકરણ સંસ્થા |
| CPP | કેપ્ટીવ વીજ પ્લાન્ટ |
| DGVCL | દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ |
| EI | વિદ્યુત નિરીક્ષક |
| ESCI | ભારતીય ઈજનેરી સ્ટાફ કોલેજ |
| FOIR | ભારતીય નિયંત્રક ફોરમ |
| FOR | નિયંત્રક ફોરમ |
| FPPPA | બળતણ ભાવ અને વીજ ખરીદી સમાયોજન |
| GEB | ગુજરાત વિદ્યુત બોર્ડ |
| GERC | ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ |
| GETCO | ગુજરાત વીજ પ્રવહન નિગમ લિમિટેડ |
| GSECL | ગુજરાત રાજ્ય વીજળી નિગમ લિમિટેડ |
| GUVNL | ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ |
| IIT | ભારતીય ટેકનોલોજી સંસ્થા |
| IOC | ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન |
| MGVCL | મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ |
| PDCRC | કાયમી જોડાણ કાપ તથા ગ્રાહક પુર્નજોડાણ |
| PGVCL | પશ્ચિમગુજરાત વીજ કંપની લિમિટેડ |
| POC | સમાંતર કાર્યદર |
| PPA | વીજ ખરીદી સમજૂતી |
| SSNNL | સરદાર સરોવર નર્મદા નિગમ લિ. |
| SLDC | રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર |
| SAFIR | દક્ષિણ એશિયા આંતર-માળખાકીય વિનિમય ફોરમ |
| TPL | ટોરેન્ટ પાવર લિમિટેડ |
| UGVCL | ઉતર ગુજરાત વીજ કંપની લિમિટેડ |

# અધ્યક્ષ સ્થાનેથી

ગુજરાતે ઉર્જા ક્ષેત્રે ઉદાહરણરૂપ કામગીરી બજાવી છે અને સાતત્યપૂર્ણ અને ગુણવતાયુક્ત વિદ્યુત પુરવઠા માટે દેશભરમાં નામના મેળવી છે. યુટીલીટીઝના પ્રયત્નો અને અસરકારક નિયમન તેમના સંયોજનની સાથો સાથ સમયસર નિયમિત પ્રશુલ્ક નિર્ધારણ થકી ગતિશીલ ઉર્જા ક્ષેત્રની ખાતરી પ્રાપ્ત થાય છે.

ગુજરાતમાં ગ્રાહકોને ઝડપી સેવાની ખાત્રી માટે ગુજરાત વિદ્યુત નિયમન આયોગે ગ્રીડ કોડ કામગીરીના માપદંડ અને પુરવઠા સંહિતા જેવા અસરકારક પગલા લીધેલ છે. ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અંગે નિયમિત બેઠકો થકી સતત સમીક્ષા કરવામાં આવે છે ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં તથા વિદ્યુત લોકપાલ પાસે નોંધાયેલા તથા નિકાલ થયેલ કેઈસીસને ધ્યાને લેતાં એ બાબત સ્પષ્ટ થાય છે કે ગ્રાહક જાગૃતિમાં વધારો થયેલ છે.

વર્ષ દરમયાન પવન ઉર્જામાંથી વીજ વિતરણ પરવાનેદાર દ્વારા ઉર્જા ખરીદીના પ્રશુલ્ક આયોગે નક્કી કરેલ છે. જેના થકી ગુજરાત રાજ્યમાં પવન ઉર્જાના વધારે પ્રકલ્પની સ્થાપના માટે પહેલ કરશે. પવન ઇર્જાના પ્રશુલ્ક પ્રવર્તમાન પડતર અને હરિફાઈ ક્ષમતા સાથે તાલમેલ ધરાવે છે. RPO ના ફરજિયાત અમલીકરણને વધુ ઝીણવટ પૂર્વક ચકાસવામાં આવે છે.

રાજ્ય સલાહકાર સમિતિ અને રાજ્ય સંકલન સમિતિની નિયમિત બેઠકો થકી રાજ્યમાં સુદ્દઢ અને અસરકારક નિયમન થયેલ છે.

જીઈઆરસી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની વિવિધ બેઠકોમાં સભ્યો અને કર્મચારીગણ ભાગ લીધેલ છે. જેની આ ફોરમ દ્વારા પ્રશંસા પણ થયેલ છે.

માંગ આધારીત વ્યવસ્થાપનને જાહેર નામિત કરવાની પહેલ સાથે આયોગે યુટીલીટીઝને ડીએસએમ પ્રકલ્પો થકી ઉર્જાની કાર્યદક્ષતા હાંસલ કરવા જણાવેલ છે. આના વડે ઉર્જા બચત ઉપરાંત ગ્રાહકો વીજબીલમાં ઘટાડો પણ થશે.

GERCએ પીટીસન્સનો ઝડપી નિકાલ કરેલ છે અને મોટા ભાગના હુકમો ઉપરી સત્તા દ્વારા બહાલ રાખવામાં આવેલ છે. અને વ્યાપક સ્વીકૃતિ મળેલ છે.

ઉર્જાક્ષેત્રે સ્માર્ટ ગ્રીડ ટેકનોલોજી સ્વીકારવા માટે જાગૃતિમાં વધારો થયેલ છે. ગુજરાત વીજ નિયંત્રક આયોગ વીજ કંપનીઓ તેના કાર્યો અને નિભાર્વમાં સ્માર્ટ ગ્રીડ ટેકનોલોજીનો ઉપયોગ કરી તેની કાર્યક્ષમતા વધારે ગ્રાહકોની સગવડતામાં વધારો કરે તેવી અપેક્ષા રાખે છે .

ગુજરાતમાં કાર્યરત ઉર્જા કંપની AT & C ઘટાડામાં એકંદરે સુધારો થઈ રહ્યો છે. ત્યારે કેટલીક વીજ કંપનીઓમાં કોમર્શિયલ લોસમાં ઘટાડો થાય તેવા પ્રયત્નો જરૂરી છે.

અયોગ ગુજરાતના વાયબ્રન્ટ ઉર્જાક્ષેત્રે અને તેના હિત ધારકો વચ્ચે યોગ્ય સમતુલા જળવાઈ રહે તેવી ખાત્રી સાથે ગતિશીલ છે.

**પ્રવિણભાઈ પટેલ**
અધ્યક્ષ

# સને ૨૦૧૨-૧૩ની પ્રવૃત્તિ વિશેષતા.

### ૨૦૧૨-૧૩ માટે પ્રશુલ્ક નિર્ધારણ

વર્ષ દરમિયાન રાજ્યમાં કાર્યરત નીચે જણાવેલ વિતરણ પરવાનેદારો માટે બહુવર્ષીય પ્રશુલ્ક હેઠળ સને ૨૦૧૦-૧૧ના ટ્રુ-અપ, સને ૨૦૧૨-૧૩ માટે પ્રશુલ્ક નિર્ધારણ કરવામાં આવેલ હતું.

૧. ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિ. (જેટકો)
૨. સ્ટેટ લોડ ડીસ્પેચ સેન્ટર (એસ.એલ.ડી.સી)
૩. ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લિ. રાજ્ય વીજ ઉત્પાદક કંપની
૪. ઉત્તર ગુજરાત વીજ કંપની લિ. (યુ.જી.વી.સી.એલ.) ઉત્તર ગુજરાત માટે વીજ વિતરણ કંપની
૫. દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ. (ડી.જી.વી.સી.એલ.) દક્ષિણ ગુજરાત માટે વીજ વિતરણ કંપની
૬. મધ્ય ગુજરાત વીજ કંપની લિ. (એમ.જી.વી.સી.એલ.) મધ્ય ગુજરાત માટે વીજ વિતરણ કંપની
૭. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ. (પી.જી.વી.સી.એલ.) પશ્ચિમ ગુજરાત માટે વીજ વિતરણ કંપની
૮. ટોરન્ટ પાવર લિ. (ટી.પી.એલ. - જી.) ખાનગી વીજ ઉત્પાદક કંપની
૯. ટોરન્ટ પાવર લિ. (ટી.પી.એલ. - એ.) અમદાવાદ-ગાંધીનગર માટે. ખાનગી વીજ વિતરણ કંપની
૧૦. ટોરન્ટ પાવર લિ. (ટી.પી.એલ. - એસ.) સુરત વિસ્તાર માટે. ખાનગી વીજ વિતરણ કંપની
૧૧ એમ.પી. એસ.ઈ.ઝેડ યુટીલીટી પ્રા.લિ. (એમયુપીએલ) મુદ્રા સેઝ વિસ્તાર માટે ખાનગી માલિકીની વીજ વિતરણ કંપની)
૧૨ કંડલા પોર્ટ ટ્રસ્ટ (કેપીટી) (કંડલા વિસ્તાર માટે વીજ વિતરણ પરવાનેદાર)
૧૩ ટોરન્ટ એનર્જી લિ. (ટીઈએલ) દહેજ સેઝ વિસ્તાર માટે ખાનગી વીજ વિતરણ કંપની)
૧૪ જ્યુબીલન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ. (જેઆઈએલ) ભરૂચ નજીકના ઈશ્વરીયા સેઝ વિસ્તાર માટે ખાનગી વીજ વિતરણ કંપની
૧૫ આર્સ્પન ઈન્ફ્રા લિ. (એઆઈએલ) (અગાઉની સિમ્ફ્રા એન્જિનીયરીંગ એન્ડ કન્સ્ટ્રક્શન લિ.) (વડોદરા નજીકના વાઘોડિયા વિસ્તાર માટે ખાનગી માલિકીની વીજ વિતરણ કંપની)

### પવન ઉર્જા પ્રશુ:લ્ક આદેશ ૨/૨૦૧૨

આયોગે ૮મી ઓગસ્ટ ૨૦૧૨ ના રોજ રાજ્યમાં ખાનગી પવન ઉર્જા પ્રકલ્પો પાસેથી ખાનગી વીજ વિતરણ પરવાનેદારો અને બીજાઓ માટે ઉર્જા ખરીદીના પ્રશુ:લ્ક નિર્ધારણ આદેશ કર્યા.

આયોગ દ્વારા વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન ૮૧ પીટીશન અને ૧ પરવાના અરજીનો નિકાલ કરવામાં આવેલ છે.

### નીચે દર્શાવેલ વિગતે વિવિધ બેઠકો યોજવામાં આવેલ હતી.

| | | |
|---|---|---|
| રાજ્ય સલાહકાર સમિતિ | : | ૧૫મી બેઠક અમદાવાદ ખાતે તા. ૨૬ મી એપ્રિલ, ૨૦૧૨ |
| | : | ૧૬ મી બેઠક અમદાવાદ ખાતે તા. ૧૫ મી ઓક્ટોબર, ૨૦૧૨ |
| રાજ્ય સંકલન સમિતિ | : | ૧૦ મી બેઠક અમદાવાદ ખાતે તા. ૨૭ મી એપ્રીલ, ૨૦૧૨ |
| | : | ૧૧ મી બેઠક અમદાવાદ ખાતે તા. ૧૭ મી ઓક્ટોબર, ૨૦૧૨ |
| ગ્રાહક તકરાર નિવારણ ફોરમ | : | ૧૨ મી બેઠક અમદાવાદ ખાતે તા. ૪ થી ઓગષ્ટ, ૨૦૧૨ |
| | | ૧૩ મી બેઠક અમદાવાદ ખાતે તા. ૨૮ મી ડિસેમ્બર, ૨૦૧૨ |

ડૉ. પી. કે. મિશ્રા અધ્યક્ષે તા. ૧-૪-૨૦૧૨ થી તા. ૩૧-૦૩-૨૦૧૩ દરમિયાન યોજાયેલ વિવિધ બેઠકો/સેમીનારમાં હાજરી આપી.

આપતિ વ્યવસ્થાપન આધનિયમ ૨૦૦૫ના સમીક્ષા માટે કેન્દ્રીય ગૃહ ખાતા દ્વારા રચાવેલ ટાસ્ક ફોર્સના ચેરમેન તરીકે વિવિધ બેઠકોમાં હાજરી આપી.

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|
| ૧ | ૯-૪-૧૨ થી | પીએફસી દ્વારા દિલ્હી ખાતે આયોજિત વીજ વિતરણ મોડેલ અંગેની કાર્યશાળા |
| | ૧૧-૪-૧૨ | |
| ૨ | ૧૯-૪-૧૨ થી | ગંગટોક સિક્કીમ ખાતે યોજાયેલ ભારતીય વિદ્યુત નિયંત્રકોની બેઠક |
| | ૨૦-૪-૧૨ | |
| ૩ | ૯-૫-૧૨ થી | ઢાકા, બાંગ્લાદેશ ખાતે 'સફીર' ની સ્ટીંયરીંગ કમિટીની બેઠક |
| | ૧૦-૫-૧૨ | |
| ૪ | ૫-૬-૧૨ | એપેલેટ ટ્રિબ્યુનલ દ્વારા દિલ્હી ખાતે આયોજિત બેઠક |
| ૫ | ૬-૬-૧૨ | ભારતીય વિદ્યુત નિયંત્રકો અને વિદ્યુત નિયંત્રકોની બેઠક, દિલ્હી |
| ૬ | ૨૭-૭-૧૨ થી | વિશાખાપટ્ટનમ, આંધ્રપ્રદેશ ખાતે વિદ્યુત નિયંત્રકોની બેઠક |
| | ૨૮-૭-૧૨ | |
| ૭ | ૨૩-૮-૧૨ થી | IPPAI દ્વારા પણજી ગોવા ખાતે આયોજિત રેગ્યુલેટર્સ રિટ્રીટ |
| | ૨૬-૮-૧૨ | |
| ૮ | ૨૮-૮-૧૨ થી | ભારતીય વિદ્યુત નિયંત્રકોની દિલ્હી ખાતે બેઠક |
| | ૨૯-૮-૧૨ | |
| ૯ | ૫-૧૦-૧૨ થી | ભારતીય વિદ્યુત નિયંત્રકોની રાંચી, ઝારખંડ ખાતે બેઠક |
| ૧૦ | ૭-૧૧-૧૨ | ઈન્ડીયા એનર્જી ફોરમ દ્વારા પંદરમી ભારતીય ઉર્જા ફોરમ દિલ્હી |
| ૧૧ | ૨૯-૧૧-૧૨ | ચેન્નઈ, તામિલનાડું ખાતે ભારતીય પવન ઉર્જાની બેઠક |
| ૧૨ | ૬-૧૨-૧૨ થી | આંદામાન, નિકોબાર ટાપુમાં પોર્ટ બ્લેર ખાતે યોજાયેલ FOR ની બેઠક |
| | ૮-૧૨-૧૨ | |
| ૧૨ | ૧૪-૨-૧૩ | સુદંરવન, પશ્ચિમ બંગાળ ખાતે વિદ્યુત નિયંત્રક ફોરમની બેઠક |

શ્રી પ્રવિણભાઈ પટેલ સભ્યશ્રી (તાંત્રિક) એ તા. ૧-૪-૨૦૧૨ થી તા. ૩૧-૩-૨૦૧૩ દરમિયાન આ સાથે જણાવ્યા મુજબની વિવિધ બેઠકોમાં હાજરી આપી.

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|
| ૧. | ૧૨-૪-૧૨ થી | રાંચી, ઝારખંડ ખાતે IPPAI ખાતે આયોજિત કાર્યશાળા |
| | ૧૩-૪-૧૨ | |
| ૨. | ૫-૬-૧૨ | એપેલેટ ટ્રિબ્યુનલ દ્વારા દિલ્હી ખાતે આયોજિત વિદ્યુત નિયંત્રકોની બેઠક |
| ૩. | ૬-૬-૧૨ | ભારતીય વિદ્યુત નિયંત્રકોની દિલ્હી ખાતે બેઠક |
| ૪. | ૨૪-૮-૧૨ થી | IPPAI દ્વારા પણજી ગોવા ખાતે આયોજીત રેગ્યુલેટર્સ રિટ્રીટ |
| | ૨૫-૮-૧૨ | |
| ૫. | ૧૧-૯-૧૨ | “પ્રયાસ” એનર્જી ગ્રુપ દ્વારા ઈન્ડિયન હેબીટેટ સેન્ટર દિલ્હી ખાતે યોજાયેલ પુન:પ્રાપ્ય ઉર્જાની |
| | | બેઠક |
| ૬. | ૧૨-૯-૧૨ | નવી દિલ્હી ખાતે ઈન્ડીયન સ્માર્ટ ગ્રીડ ટાસ્ક ફોર્સ દ્વારા આયોજીત બીજી સ્માર્ટ ગ્રીડ કોનફરન્સ |
| ૭. | ૬-૧૦-૧૨ | રાંચી, ઝારખંડ ખાતે યોજાયેલ FOIR બેઠક |
| ૮. | ૧૭-૯-૧૨ થી | ખુલ્લા પ્રવેશ અંગે દિલ્હીમાં બેઠક |
| | ૧૮-૯-૧૨ | |
| ૯. | ૨૬-૨-૧૩ | આયાતી અને ઘરેલું કોલસા માટે સ્ત્રોતોના જોડાણ માટેની CEA નવીદિલ્હી ખાતે બેઠક |

ડૉ. એમ. કે. ઐયર સભ્યશ્રી, (નાણાં) એ ૧-૪-૨૦૧૨ થી ૩૧-૩-૨૦૧૩ માં નીચે દર્શાવ્યા પ્રમાણે વિવિધ બેઠક /કાર્યશાળામાં હાજરી આપી.

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|
| ૧ | ૫-૬-૧૨ | એપટેલ દ્વાર દિલ્હી ખાતે બેઠકમાં હાજરી આપી |
| ૨ | ૬-૬-૧૨ | ભારતીય વિદ્યુત નિયંત્રકોની વાર્ષિક સામાન્ય સભા |
| ૩ | ૪-૧૦-૧૨ થી | રાંચી (ઝારખંડ ખાતે) ભારતીય વિદ્યુત નિયંત્રકોની બેઠક |
| | ૬-૧૦-૧૨ | |
| ૪ | ૨૦-૧૧-૧૨ થી | ભારતીય પવન ઉર્જા ૨૦૧૨ની આંતર રાષ્ટ્રીય સેમીનારમાં હાજરી |
| | ૨૯-૧૧-૧૨ | ઈન્ટર નેશનલ કોન્ફરન્સ |
| ૫ | ૨૧-૧-૧૩ | CERI દ્વારા આયોજીત કાર્યશાળા |

ડૉ. કેતન શુકલ સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે ૧-૪-૨૦૧૨ થી ૩૧-૩-૨૦૧૩ દરમ્યાન સેમિનાર/ મિટિંગ વર્કશોપમાં હાજરી આપી

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|
| ૧ | ૩-૪-૨૦૧૨ | વિક્સત અમદાવાદ ખાતે ડી. એસ.એમ. / પુ:ન પ્રાપ્ય ઉર્જા બાબતે સેમિનાર |
| ૨ | ૨૦-૨૦૨૦૧૨ | મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે ભારતીય સૌર ઉર્જા ક્ષેત્રને નાણાકિય સહાય અંગે પેનલ ચર્ચા |
| ૩ | ૧૬-૫-૨૦૧૨થી ૧૭-૫-૨૦૧૨ | વૈશ્વિક સૌર ઉર્જા સંમેલનમાં વક્તા તરીકે હાજરી આપી |
| ૪ | ૨૪-૫-૨૦૧૨ | 'વિક્સત' અમદાવાદ ખાતે ગ્રાહક જાગૃતિ અંગેની બેઠક |
| ૫ | ૨૯-૫-૨૦૧૨ | વિદ્યુત અધિનિયમ ૨૦૦૩ માં સુધારાઓની ભલામણો માટેની બીજી બેઠક દિલ્હી |
| ૬ | ૬-૬-૨૦૧૨ | સી. આઈ. આઈ. / ગોદરેજ મીટીંગમાં પેનલ ચર્ચા |
| ૭ | ૨૦-૬-૨૦૧૨ | મુખ્ય વક્તા-PPP- અપૌચ્યુનીટી સૌર ઉર્જા ક્ષેત્ર |
| ૮ | ૨૨-૬-૨૦૧૨ | વિદ્યુત અધિનિયમ ૨૦૦૩ માં સુધારા સૂચવવા માટેની બેઠક નવી દિલ્હી. |
| ૯ | ૨૮-૬-૨૦૧૨ | 'સ્માર્ટ ગ્રીડ ઈન્ડીયા' ૨૦૧૨ બેઠકમાં મુખ્ય વક્તા મુંબઈ |
| ૧૦ | ૨૯-૬-૨૦૧૨ | 'સૌર ઉર્જા પ્રકલ્પ' અંગેની કોન્ફરન્સમાં હાજરી અમદાવાદ. |
| ૧૧ | ૫-૭-૨૦૧૨ | ૧૧મી ગ્રીનપાવર ૨૦૧૨ કોન્ફરન્સ અમદાવાદ. |
| ૧૨ | ૯-૭-૨૦૧૨ | વિદ્યુત અધિનિયમ ૨૦૦૩માં સુધારા સૂચવવા માટે બેઠક નવી દિલ્હી. |
| ૧૩ | ૨૨-૮-૨૦૧૨ | કલકત્તા ખાતે CVTS દ્વારા રાઉન્ડ ટેબલ ચર્ચામાં મુખ્ય પ્રવચન |
| ૧૪ | ૨૪-૮-૨૦૧૨ | મુંબઈ ખાતે પવન ઉર્જા પ્રકલ્પોના વિકાસ અંગેની ગુજરાત સરકારની નિતિ અંગે બેઠક |
| ૧૫ | ૨૪-૮-૨૦૧૨ | ભારતમાં ઉર્જા અને સેન્ટ્રલ એશિયામાં ઉર્જા ઉત્પાદન અંગેની સલાહકાર સમિતિની પ્રથમ બેઠક દિલ્હી |
| ૧૬ | ૨૫-૮-૨૦૧૨ | RE /R.P.O અંગે પાવર એક્સચેન્જના તાલીમ કાર્યક્રમમાં મુખ્ય વક્તા વડોદરા. |
| ૧૭ | ૨૯-૮-૨૦૧૨ | નવી દિલ્હી ખાતે સૌર ઉર્જા કોન્ફરન્સ માં મુખ્ય વક્તા |
| ૧૯ | ૩૧-૮-૨૦૧૨ | અમદાવાદ સૌર ઉર્જા પરના એક દિવસના સેમિનાર માં મુખ્ય વક્તા |
| ૨૦ | ૪-૯-૨૦૧૨ | નવી દિલ્હી ખાતે વિદ્યુત અધિનિયમ ૨૦૧૩ માં સુધારા સૂચવવાં બેઠક |
| ૨૧ | ૬-૯-૨૦૧૨ | નવી દિલ્હી ખાતે MNRE અને DFID દ્વારા આયોજીત નવીનીકરણ પ્રાપ્ત ઉર્જા માટેના વર્કશોપમાં હાજરી |
| ૨૨ | ૮-૯-૨૦૧૨ | અમદાવાદ ખાતે ચીનના રાજકીય અને આર્થિક બાબત અંગે સમજ |
| ૨૩ | ૨૫-૯-૨૦૧૨ | MNRE દ્વારા આયોજીત નવીનીકરણ પ્રાપ્ત ઉર્જા અંગેના સેમિનારમાં હાજરી આપી. |
| ૨૪ | ૨૬-૯-૨૦૧૨ | IIM અમદાવાદ ના ટ્રેનીંગ પોગ્રામમાં મુખ્ય વક્તા-ગુજરાતમાં RPO અંગે સ્થિતિ. |
| ૨૫ | ૧૨-૧૦-૨૦૧૨ | PDPU ગાંધીનગરમાં સૌર ઉર્જા સેમિનારમાં મુખ્ય વક્તા |
| ૨૬ | ૧૭-૧૦-૨૦૧૨ | પાંચમાં કેપેસીટી બીલ્ડીંગ તાલીમ પોગ્રામમાં કાનપુર/બેંગકોકમાં હાજરી આપી |
| ૨૭ | ૭-૧૧-૨૦૧૨ | નવી દિલ્હી ખાતે ઉર્જા સેકટરના સેમિનારમાં હાજરી |
| ૨૮ | ૭-૧૧-૨૦૧૨ | CEA નવી દિલ્હી ખાતે વિદ્યુત અધિનિયમ ૨૦૦૩માં સુધારા અંગેની બેઠકમાં હાજરી |
| ૨૯ | ૨૯-૧૧-૨૦૧૨ | CEA નવી દિલ્હી ખાતે વિદ્યુત અધિનિયમ ૨૦૦૩માં સુધારા અંગેની બેઠકમાં હાજરી |
| ૩૦ | ૩-૧૨-૨૦૧૨થી ૪-૧૨-૨૦૧૨ | અમદાવાદ સૌર ઉર્જાના પ્રોજેક્ટમાં અમલીકરણ, ટેકનીકલ વ્યવસ્થાપનના સેમિનાર |
| ૩૧ | ૧૦-૧-૨૦૧૩ | અમદાવાદ CEA ખાતે પાવર ટુડે દ્વારા આયોજીત સૌર ઉર્જા કોન્ફરન્સમાં વક્તા. |
| ૩૨ | ૨૬-૩-૨૦૧૩ | નવી દિલ્હીમાં વિદ્યુત અધિનિયમ ૨૦૦૩માં સુધારા સુચવવા નિમાયેલ કમિટિની ૧૦મી બેઠકમાં હાજરી |

# ૧. આયોગનું વ્યવસ્થાતંત્ર

## ૧.૧ આયોગ

ડૉ. પી. કે. મિશ્રાએ અધ્યક્ષ તરીકે સમગ્ર વર્ષ દરમિયાન સેવાઓ આપી હતી અને શ્રી પ્રવિણભાઈ પટેલ તથા ડૉ. એમ. કે. ઐયરે અનુક્રમે સભ્ય (તાંત્રિક) તથા સભ્ય (નાણા) તરીકે સેવા આપેલ હતી.

**આયોગની કચેરી :**

ડૉ. કેતન શુકલ, ભારતીય વિદેશ સેવા (IFS) સમગ્ર વર્ષ દરમિયાન સચિવ તરીકે કાર્યભાર સંભાળેલ હતો. આયોગની કચેરી નેપચ્યુન ટાવર, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯. ખાતે ભાડાના મકાનમાં કાર્યરત છે.

## ૧.૨ પૂર્વ જરૂરી સગવડો

**કચેરીનું મકાન :** આયોગ ભાડાની કચેરીમાં પીટિશન અને અપીલોની સુનાવણી માટે ખાસ કોર્ટ રૂમ, બેઠકો યોજવા કોન્ફરન્સ હોલ અને રેકર્ડ માહિતી તથા સાહિત્ય સુગમતાથી મળે તે માટે ગ્રંથાલય સાથેની સાધન સજ્જ કચેરીની સગવડો ધરાવે છે. આયોગ જરૂરી અદાલતી સંદર્ભો પ્રાપ્ત કરવામાં મદદ કરવા તે સુપ્રીમકોર્ટના કેસોના ઓનલાઇન સિંગલ યુઝર લાઇસન્સ પણ ધરાવે છે.

હાલમાં આયોગની કચેરી માટે ગીફ્ટ સીટી ગાંધીનગર માં QC બીલ્ડીંગમાં છ ઠ્ઠા માળે જગ્યા લેવાનું નક્કી કરવામાં આવેલ છે.

**સ્થાનિક વિસ્તાર નેટવર્ક અને વેબસાઇટ :** આયોગની કચેરીની કોમ્પ્યુટર સિસ્ટમ એલ.એ.એન. મારફતે જોડી છે. કોઈ પણ સંદર્ભમાં માહિતી પ્રાપ્ત કરવા વેબસાઇટ (www.gercin.org) છે. જેને આયોગની કચેરી નિયમિત જાળવે છે અને અદ્યતન રાખે છે. આયોગની વેબસાઇટને વપરાશકર્તાઓ માટે વધુ મૈત્રીપૂર્ણ બનાવવા તાજેતરમાં ફરીથી તૈયાર કરવામાં આવેલ છે. સુનાવણી નિયત સમયપત્રકો, સમાચાર, અદ્યતન સામગ્રી, આદેશો મૂકવા તથા વિભાવનાના પેપર્સ અંગે અભિપ્રાયો મંગાવવા, વિનિયમો, પીટિશનો, ટેન્ડરો (RFP) અને ખાલી જગ્યાઓ અંગે જાહેરાત કરવા વપરાય છે તથા ગ્રાહકોની તેમની ફરિયાદોના નિવારણ માટે ફોરમ અને વિદ્યુત લોકપાલ અંગે પણ માહિતી પૂરી પાડવામાં આવે છે. તથા ગ્રાહકોની તેમની ફરિયાદોના નિવારણ માટે માર્ગદર્શન આપે છે. વધુમાં વેબસાઇટ ઉપર ડાઉનલોડ કરી શકાય તેવા ઢાંચામાં અધિસૂચિત વિનિયમો, આદેશો અને માહિતી અધિકાર કાયદો ૨૦૦૫ની વિગતો પણ ઉપલબ્ધ છે.

## ૧.૩ સ્ટાફ

આયોગનો સ્ટાફ સીધી ભરતીથી કે કરાર કે પ્રતિનિયુક્તિના ધોરણે નિયુક્ત કરાય છે. જોડાણ-૧માં આયોગના સ્ટાફની સ્થિતિ અને જોડાણ-૨માં આયોગના વ્યવસ્થાતંત્રનો ચાર્ટ દર્શાવ્યો છે. તા. ૩૧-૩-૨૦૧૩ના રોજ આયોગના અધિકારીઓ અને સ્ટાફની વિગતો પત્રક મુજબ છે.

| ક્રમ | કર્મચારીનું નામ | | હોદ્દો |
|---|---|---|---|
| ૧ | **શ્રી ડો. કેતન શુક્લ** ભારતીય વિદેશ સેવા **આઇ.એફ.એસ.** | | **સચિવ** |
| ૨ | **કુ. સી. એન. ભટ્ટ** | (તા. ૧૩-૬-૨૦૧૨ સુધી ચાર્જમાં) | **નાયબ નિયામક** |
| | **શ્રી એમ. એન. ખલ્યાણી જી.એ.એસ.** | (તા. ૧૪-૬-૨૦૧૨ થી કરાર પર નિમણુંક) | **(વહીવટ અને હીસાબ)** |
| ૩ | **શ્રી ડી. આર. પરમાર** | | **સંયુક્ત નિયામક (ટેકનિકલ)** |
| ૪ | **શ્રી એસ. આર. પાન્ડે** | | **કાનુની સલાહકાર** |
| ૫ | **કુ. સી. એન. ભટ્ટ** | | **મુખ્ય હિસાબી અધિકારી** |
| ૬ | **શ્રી બી. આર. જોષી** | | **પરામર્શક (તાંત્રિક)** |
| ૭ | **શ્રી કશ્યપ પરીખ** | | **ઉપ સચિવ** |
| ૮ | **શ્રી એસ. ટી. અનડા** | | **નાયબ નિયામક** |
| ૯ | **શ્રી જી. એચ. પટેલ** | (તા. ૩૧-૭-૨૦૧૨ સુધી) | **નાયબ નિયામક** |
| ૧૦ | **શ્રી અપૂર્વ ઉ. અધ્વર્યુ** | | **નાયબ નિયામક** |
| ૧૧ | **શ્રી જી. ઓ. દયલાની** | (તા. ૧-૧૦-૨૦૧૨ થી) | **નાયબ નિયામક** |
| ૧૩ | **શ્રી જિજ્ઞેશ મકવાણા** | | **એક્ઝીક્યુટીવ** |
| ૧૩ | **શ્રીમતિ કાજલ બી. ચૌધરી** | | **એક્ઝીક્યુટીવ** |
| ૧૪ | **શ્રી અભિષેક મકવાણા** | | **એક્ઝીક્યુટીવ** |
| ૧૫ | **શ્રી એલ. એન. મહીડા** | | **એક્ઝીક્યુટીવ** |
| ૧૬ | **શ્રી સંતોષકુમાર અસીપુ** | | **એક્ઝીક્યુટીવ** |
| ૧૭ | **શ્રી વશીમ અક્સર અનસારી** | | **એક્ઝીક્યુટીવ** |
| ૧૮ | **શ્રી રૂપેશ જી. જાદવ** | | **એક્ઝીક્યુટીવ** |
| ૧૯ | **શ્રી રૂચીક સોલા** | | **એક્ઝીક્યુટીવ** |
| ૨૦ | **શ્રી કેતન થાનકી** | | **એક્ઝીક્યુટીવ** |
| ૨૧ | **શ્રી પી. આર. શશી** | | **અંગત મદદનીશ** |
| ૨૨ | **શ્રી આર. જી. પિલ્લાઈ** | | **અંગત મદદનીશ** |
| ૨૩ | **શ્રી આર. પી. નાયર** | | **અંગત મદદનીશ** |
| ૨૪ | **શ્રીમતિ પી. એ. ક્રિશ્રીયન** | | **અંગત મદદનીશ** |

- **આ ઉપરાંત આયોગમાં પાંચ ડ્રાયવર કમ એટેન્ડન્ટ અને અન્ય ચાર પટ્ટાવાળા છે.**

# ૨. આયોગ કાર્યો.

### ૨.૧ આદેશ (મેન્ડેટ) :

૨૦૦૩ના વીજળી અધિનિયમનું ધ્યેય વીજળીના, ઉત્પાદન, પ્રવહન, વિતરણ, વેપાર અને ઉદ્યોગને લગતા કાયદાઓનું એકત્રીકરણ, સામાન્ય રીતે વીજળી ઉદ્યોગના વિકાસના વાહક પગલા લેવા તેમાં સ્પર્ધાને ઉત્તેજન, ગ્રાહકોના હિતોનું રક્ષણ, તમામ વિસ્તારોમાં વીજળીનો પુરવઠો સુનિશ્ચિત કરવાનું, વીજળી, પ્રશુલ્કનું સુઆયોજન, આર્થિક સહાયકીને લગતી પારદર્શક નીતિઓ સુનિશ્ચિત કરવાનું કાર્યદક્ષ અને પર્યાવરણની દૃષ્ટિએ હિતકારક નીતિઓને પ્રોત્સાહન, કેન્દ્રીય વીજતંત્ર આયોગની રચના તથા વીજળી માટે અપીલ પંચની સ્થાપના કરવાનું છે. ગ્રાહકો તેમજ વીજ પુરવઠાકારોના હિતને લક્ષમાં રાખીને ખુલ્લા નિષ્પક્ષ સ્પર્ધાત્મક બજાર સંચાલિત વાતાવરણમાં વીજળી ક્ષેત્રના વિકાસને વાહક સક્ષમ માળખું ઉભું કરવાનું પણ તેમનું ધ્યેય છે. આ સંદર્ભમાં વીજળી, અધિનિયમમાં વિચારાયેલ ઉદ્દેશો સાકાર કરવા આયોગની ભૂમિકા સૌથી અગત્યની છે.

### ૨.૨ કાર્યો :

૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ-૮૬ અનુસાર આયોગને નીચેના કાર્યો હાથ ધરવા આદેશ આપ્યો છે.

(ક) રાજ્યની અંદર જથ્થાબંધ મોટા જથ્થામાં કે છૂટક જે હોય તે પ્રમાણે વીજળીના ઉત્પાદન, પુરવઠા, પ્રવહન અને વ્હીલીંગ માટે પ્રશુલ્ક નક્કી કરવું.

(ખ) રાજ્યની અંદર વીજ ઉત્પાદન કંપનીઓ કે પરવાનેદારો પાસેથી અથવા વિતરણ અને પુરવઠા માટે વીજ ખરીદીની સમજૂતીઓ મારફત બીજા સ્ત્રોતોમાંથી જે ભાવે વીજળી મેળવવાની હોય તે સહિત વિતરણ પરવાનેદારોની વીજ ખરીદી અને પ્રાપ્તિપ્રક્રિયા નિયંત્રિત કરવી.

(ગ) આંતર રાજ્ય વીજપ્રવહન અને વ્હીલીંગની સગવડ કરવી.

(ઘ) પ્રવહન પરવાનેદારો, વિતરણ પરવાનેદારો અને વીજળીના વેપારીઓને રાજ્યમાં તેમની કામગીરી સંબંધમાં કામકરવા માગતી વ્યક્તિઓને લાઇસન્સ આપવા.

(ચ) ગ્રીડ સાથેના જોડાણ માટે યોગ્ય પગલાંની જોગવાઈ કરીને, નવીનીકરણપાત્ર સાધનોમાંથી વીજળીના સહઉત્પાદન અને ઉત્પાદનને કોઈ પણ વ્યક્તિને વેચાણ માટે પ્રોત્સાહન આપવું અને આવા સાધનોમાંથી વીજળીની ખરીદી માટે વિતરણ લાઇસન્સના વિસ્તારમાં વીજળીના કુલ વપરાશની ટકાવારી પણ નક્કી કરવી.

(છ) પરવાનેદારો અને વીજઉત્પાદન કંપનીઓ વચ્ચેની તકરારો અંગે ન્યાય નિર્ણય આપવો અને લવાદને કોઈ તકરાર અંગે પૂછાણ કરવું.

(જ) અધિનિયમ હેતુસર ફી વસુલ કરવી.

(ઝ) અધિનિયમની કલમ-૭૯ની પેટા કલમ (૧)ના ખંડ અન્વયે કેન્દ્રીય વીજ નિયંત્રક આયોગ દ્વારા નિર્દિષ્ટ ગ્રીડ કોડ સાથે સુસંગત રાજ્ય ગ્રીડ કોડ નિર્દિષ્ટ કરવો.

(ટ) પરવાનેદારોની સર્વિસની ગુણવત્તા સાતત્ય અને વિશ્વસનીયતા સંબંધમાં ધોરણો નિર્દિષ્ટ કરવા અને અમલમાં મૂકવા.

(ઠ) જરૂરી લાગે તો વીજળીના આંતરરાજ્ય વેપાર અંગેનો માર્જિન નક્કી કરવો.

(ડ) અધિનિયમ અન્વયે તેમને સોપવામાં આવે તેવા બીજા કાર્યો બજાવવા.

### ૨.૩ વિનિયમો :

આયોગે જુદી-જુદી ૩૪ બાબતો અંગે વિનિયમો/જાહેરનામા/આદેશ પ્રસિદ્ધ કર્યા જે અગાઉના આદેશના સ્થાને નવા આદેશ હતા અથવા સુધારા આદેશ હતા. જેની વિગત પરિશિષ્ટ ૫ માં દર્શાવેલી છે.

# ૩. ૨૦૧૧-૧૨ દરમ્યાન પ્રવૃતિઓ

**પ્રશુલ્ક નિર્ધારણ**
**સને ૨૦૧૦-૧૧નું ટ્રુ-અપ અને સને ૨૦૧૨-૧૩ નું પ્રશુલ્ક નિર્ધારણ :-**

વર્ષ દરમિયાન રાજ્યમાં કાર્યરત નીચે દર્શાવ્યા મુજબની યુટીલીટીઝના સને ૨૦૧૦-૧૧ના ટ્રુ-અપ અને સને૨ ૦ ૧ ૨ - ૧૩ ના પ્રશુલ્ક નિર્ધારણના આદેશ આયોગે કર્યા

૧. ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિ. (જેટકો) રાજ્યની વીજ પ્રવહન કંપની
૨. સ્ટેટ લોડ ડીસ્પેચ સેન્ટર (એસ.એલ.ડી.સી)
૩. ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લિ. રાજ્ય વીજ ઉત્પાદક કંપની
૪. ઉતર ગુજરાત વીજ કંપની લિ. (યુ.જી.વી.સી.એલ.) ઉતર ગુજરાત માટે વીજ વિતરણ કંપની
૫. દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ. (ડી.જી.વી.સી.એલ.) દક્ષિણ ગુજરાત માટે વીજ વિતરણ કંપની
૬. મધ્ય ગુજરાત વીજ કંપની લિ. (એમ.જી.વી.સી.એલ.) મધ્ય ગુજરાત માટે વીજ વિતરણ કંપની
૭. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ. (પી.જી.વી.સી.એલ.) પશ્ચિમ ગુજરાત માટે વીજ વિતરણ કંપની
૮. ટોરન્ટ પાવર લિ. (ટી.પી.એલ.-જી.) ખાનગી વીજ ઉત્પાદક કંપની
૯. ટોરન્ટ પાવર લિ. (ટી.પી.એલ.-એ.) અમદાવાદ-ગાંધીનગર માટે. ખાનગી વીજ વિતરણ કંપની
૧૦. ટોરન્ટ પાવર લિ. (ટી.પી.એલ.-એસ.) સુરત વિસ્તાર માટે. ખાનગી વીજ વિતરણ કંપની
૧૧ એમ.પી.એસ.ઈ.ઝેડ યુટીલીટી પ્રા. લિ. (એમયુપીએલ) મુદ્રા સેઝ વિસ્તાર માટે ખાનગી વીજ વિતરણ કંપની)
૧૨ કંડલા પોર્ટ ટ્રસ્ટ (કેપીટી) (કંડલા વિસ્તાર માટે વીજ વિતરણ પરવાનેદાર)
૧૩ ટોરન્ટ એનર્જી લિ. (ટીઈએલ) દહેજ સેઝ વિસ્તાર માટે ખાનગી વીજ વિતરણ કંપની)
૧૪ જ્યુબીલન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ. (જેઆઈએલ) ભરૂચ નજીકના ઈશ્વરીયા સેઝ વિસ્તાર માટે ખાનગી વીજ વિતરણ કંપની
૧૫ આસ્પેન ઈન્ફ્રા લિ. (એઆઈએલ) (અગાઉની સિમ્ફા એન્જિનીયરીંગ એન્ડ કન્સ્ટ્રક્શન લિ.)

**આયોગના આદેશના મહત્વના પાસા નીચે મુજબ છે.**

**૧. ગુજરાત વીજ પરિવહન નિગમ લિ.** (GETCO)

(GETCO) એ ટ્રુઈંગ અપ વર્ષ ૨૦૧૦-૧૧ અને વર્ષ ૨૦૧૨-૧૩ માટે પ્રશુલ્ક નિર્ધારણ માટે તા. ૨૫ નવેમ્બર ૨૦૧૧ના રોજ પીટીશન રજૂ કરી હિત સંબંધ કર્તાને તેમના વાંધા/સૂચનો રજૂ કરવા જણાવવામાં આવેલ. આયોગને જીયુવીએનએલ અને એક ગ્રાહક સંગઠન તરફથી વાંધા મળેલ. ૨૪ મી ફેબ્રુઆરી ૨૦૧૨ ના રોજ જાહેર સુનાવણી રાખવામાં આવેલ. આયોગે તેમનો આદેશ ૭ એપ્રિલ ૨૦૧૨ના રોજ જારી કર્યા.

**૨૦૧૦-૧૧ માટે ટ્રુ-અપ**

વર્ષ ૨૦૧૦-૧૧ ટ્રુઈંગ-અપ માટે એકંદરે મહેસૂલી જરૂરિયાતના વિવિધ પાસાઓ અને ખરેખર આવકની સરખામણી કરી અને ૨૦૧૦-૧૧ના તા. ૩૧ માર્ચ ૨૦૧૦ ના રોજ જાહેર કરેલા પ્રશુલ્ક આદેશના માન્ય આંકડાના આવક અને ખોટના દરેક પાસાને ધ્યાને રાખી અને ૨૦૧૦-૧૧ નું ટ્રુઈંગ-અપ કરવામાં આવેલ આયોગે ૩૧મી માર્ચ ૨૦૧૦ના પ્રશુલ્ક આદેશ માં માન્ય રાખેલ ₹. ૧૩૭૦.૨૯ કરોડના બદલે સુધારેલ એકંદર મહેસૂલી જરૂરિયાત ₹.૧૧૩૯.૬૧ કરોડ માન્ય રાખ્યા જે ૨૦૧૦-૧૧ માં ₹. ૨૩૦.૬૮ કરોડ વધારે હતા.

**સને ૨૦૧૦-૧૧ માં જેટકોની કામગીરી**

વર્ષ ૨૦૧૦-૧૧ માં જેટકોની કામગીરીમાં ખરેખર ઘટને આયોગે માન્ય રાખેલ તેનાથી નીચી રાખીને ઉચ્ચ ક્ષમતાથી કામગીરી કરેલ છે. સને ૨૦૧૦-૧૧ના તા. ૩૧મી માર્ચ ૨૦૧૧ ના પ્રશુલ્ક આદેશમાં આયોગે માન્ય રાખેલ પ્રણાલિ પ્રાપ્યતા ૯૯.૪૦% સામે ૯૯.૯૬% પ્રાપ્ત કરેલ હતી. બહુવર્ષીય પ્રશુલ્ક આદેશમાં આયોગે પ્રવહન પ્રણાલિ ઘટ ૩.૯૯%માન્ય રાખેલ જેની સામે ખરેખર ૩.૮૫% પ્રવહન પ્રણાલિ ઘટ થયેલ હતી.

**૨૦૧૨-૧૩ માટે પ્રવહન પ્રશુલ્ક**

આયોગે ૩૧મી માર્ચ ૨૦૧૧ ના બહુવર્ષીય પ્રશુલ્ક આદેશમાં માન્ય રાખેલ એકંદર મહેસુલી જરૂરીયાત અને તેના આધારે ૨૦૧૦-૧૧ નું ટુઈંગ-અપ અને જેટકો દ્વારા સને ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦ની અગાઉના સમયની વસુલાત અને આવકવેરા સંબધિત આગાઉના ચુકવણાને ધ્યાને રાખી આયોગે ૨૦૧૧-૧૨ માટે પ્રવહન પ્રશુલ્ક આદેશ નીચે મુજબ નક્કી કરવામાં આવેલ.

| વિગતો | જેટકો દ્વારા અંદાજીત પ્રવહન પ્રશુલ્ક | આયોગ દ્વારા માન્ય કરવામાં આવેલ પ્રશુલ્ક |
|---|---|---|
| ₹./મેવો/પ્રતિદિન | ૩૦૯૧ | ૨૭૮૦ |

**૨. સ્ટેટ લોડ ડીસ્પેચ સેન્ટર :-**

SLDCએ ૨૦૧૦-૧૧ના ટુઈંગ અપ અને ૨૦૧૨-૧૩ ના પ્રશુલ્ક નિર્ધારણ માટે તા. ૨૫મી નવેમ્બર ૨૦૧૧ ના રોજ પીટીશન દાખલ કરી હિત સંબંધકર્તાઓને તેમના વાંધા/સૂચનો રજૂ કરવા જણાવ્યું. કોઈ પણ વાંધા/સૂચન રજૂ થયેલ નહી હોવાથી સુનાવણી રાખવામાં આવેલ ન હતી. આયોગે તા. ૭મી એપ્રીલ ૨૦૧૨ના રોજ આદેશ ઈશ્યુ કર્યા.

**૨૦૧૦-૧૧નું ટુઈંગ-અપ**

સને ૨૦૧૦-૧૧નું ટુઈંગ-અપ કરતી વખતે એકંદર મહેસૂલી જરૂરિયાતના વિવિધ પાસા અને ખરેખર થયેલ આવક અને તારીખ ૩૧મી માર્ચ ૨૦૧૦ ના રોજ જારી થયેલ પ્રશુલ્ક આદેશમાં માન્ય રાખેલ આંકડાને ધ્યાને રાખવામાં આવેલ તદનુસાર SLDCની હતી. સુધારેલ એકંદર મહેસૂલી જરૂરિયાત અલગ વાર્ષિક હિસાબોમાં દર્શાવેલ ખર્ચા અને બિન પ્રશુલ્ક આવકને ધ્યાને રાખી નક્કી કરવામાં આવી. સને ૨૦૧૦-૧૧ના ટુઈંગ અપના આયોગે ₹. ૧.૩૪ લાખ આવકને પુરાંત માન્ય રાખી.

**સને ૨૦૧૨-૧૨ માટે SLDC ની ફી અને ચાર્જિસનું નિર્ધારણ :-**

| વિગતો | SLDC દ્વારા સૂચવેલ ફી અને ચાર્જિસ | આયોગે માન્ય રાખેલ ફી અને ચાર્જિસ |
|---|---|---|
| SLDC ચાર્જિસ ₹. /મે.વો./પ્રતિમાસ | ૪૩૬.૪૫ | ૪૧૦.૧૦ |
| SLDC ફી (₹. /મે.વો./અર્ધવાર્ષિક) | ૪૩૮.૦૩ | ૪૭૯.૬૩ |
| SLDC ચાર્જિસ ₹. /મે.વો./માસ | ૩૯૭.૩૫ | ૩૬૫.૦૧ |
| SLDC ફી (₹. /મે.વો./અર્ધવાર્ષિક) | ૩૨૦.૮૩ | ૩૭૦.૬૮ |

## ૩. ગુજરાત રાજ્ય વિદ્યુત કોર્પોરેશન લિ. GSECL

ગુજરાત રાજ્ય વિદ્યુત કોર્પોરેશન લિ. રાજ્યની માલિકીની વીજ ઉત્પાદન કંપની છે. જે રાજ્યની વીજ વિતરણ કરતી કંપનીઓ માટે વીજનો મુખ્ય સ્તોત્ર છે. GSECL દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ના ટ્રુ-અપ અને ૨૦૧૨-૧૩ ના પ્રશુ:લ્ક નિર્ધારણ માટે ૨૩ ડિસમ્બર ૨૦૧૨ ના રોજ પીટીશન દાખલ કરવામાં આવી. આયોગે વિદ્યુત અધિનિયમની નિર્ધારીત કરેલ પધ્ધતિ નિયમો વિનિયમો પ્રમાણે પીટીશન ચકાસી આયોગે લોક / હિત સંબધકર્તા પાસેથી વાંધા સૂચનો મંગાવ્યા. જાહેર સુનાવણી તા. ૨૪ મી ફેબ્રુઆરી ૨૦૧૨ ના રોજ યોજવામાં આવી. ચાર હિત ધારકો તરફથી વાંધા / સૂચનો રજૂ કરવામાં આવેલ. સીઈઆરએસ, યુટીલીટી યુઝર્સ એસોસીએશન અને જીયુવીએનએલે સુનાવણીમાં ભાગ લીધો અને તેમના વિચારો રજૂ કર્યા. આયોગે તેનો આદેશ ૨ જૂન ૨૦૧૨ ના રોજ કર્યો.

### ૨૦૧૦-૧૧ દરમિયાન GSECL ની કામગીરી

- બહુવર્ષીય પ્રશુલ્ક આદેશમાં માન્ય રાખેલ ૩૩૮૩૧ એમયુ સામે ૨૭૭૬૨ એમયુ વીજ ઉત્પાદન હતું.
- GSECL ના વીજ મથકોનો PAF (Plant Availability Factor) ૩૧ માર્ચ ૨૦૧૦ના આદેશમાં મંજૂર કરેલ તે કરતા ઓછો હતો. આ મંથકોમાં સિક્કા TPS, KLTPS ૧-૪, ધુવારણ ગેસ-૧ નો સમાવેશ થાય છે.
- નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ માટે પ્રશુલ્ક આદેશમાં માન્ય રાખેલ PLF (Plant Load Factor) કરતાં ખરેખર ઓછો હતો. જેમાં ઉકાઈ ૧ થી ૫, ગાંધીનગર ૧-૪, વણાકબોરી ૧-૬, સિક્કા થર્મલ સ્ટેશન KLPTS-૪, ધુવારણ ગેસ ૧ અને ૨, ઉતરાણ ગેસ ૧ અને ઉતરાણ એક્ષ્ટેન્શન જે ઉકાઈ હાઈડ્રો અને કડાણ હાઈડ્રો મથકોનો સમાવેશ થાય છે.
- વણાકબોરી ૧-૬ સ્ટેશન સિવાય તમામ સ્ટેશનમાં સહાયક બળતણનો ખરેખર વપરાશ માન્ય રાખેલ દર કરતાં વધુ હતો.
- ઉકાઈ (૧-૫), ગાંધીનગર (૧-૪) વણાકબોરી (૧-૬) KLPTS-૪નો ખરેખર સ્ટેશન હીટ રેઈટ આયોગે માન્ય રાખેલ દરથી વધુ હતો.
- ઉકાઈ ૧-૫, સિક્કા TPS, KLPTS ૧-3 અને KLPTS- ૪ સ્ટેશનો દ્વિતિય બળતણનાં વપરાશ આયોગે માન્ય રાખેલ દરથી વધુ હતો.
- કોલસાની પરિવહન ઘટ GSECL ના સ્ટેશન માટે માન્ય રાખેલથી ઓછી હતી.

### ૨૦૧૦-૧૧ નું ટ્રુ-અપ

સને ૨૦૧૦-૧૧ ના ટુઈંગ-અપ સમયે એકંદરે મહેસૂલી જરૂરિયાત વિવિધ પાસાંની તા. ૩૧-૩-૨૦૧૦ ના રોજ જારી કરેલ પ્રશુલ્ક આદેશના માન્ય રાખેલ આંકડા સાથે સરખામણી કરવામાં આવી. આયોગે ટુઈંગ-અપ સમયે દરેક પાસાના વધ કે ઘટની ગણતરી કરી. તા. ૩૧મી માર્ચ ૨૦૧૦ના પ્રશુલ્ક આદેશમાં માન્ય રાખેલ ૨૨૭૩.૯૧ કરોડની એકંદર મહેસૂલી જરૂરિયાત સામે સુધારેલ એકંદર મહેસૂલી જરૂરિયાત ₹. ૨૪૪૯.૧૦ કરોડ આયોગે માન્ય રાખી. સને ૨૦૧૦-૧૧માં ₹. ૧૭૫.૧૯ કરોડની ગેપ રહેલ હતી.

સને ૨૦૧૦-૧૧માં ના કાર્યરત મોટા ભાગના સ્ટેશનોની ખરેખર કામગીરી પ્રશુલ્ક આદેશમાં અપેક્ષિત કાર્યક્ષમતાની સરખામણીએ નીચી હતી. જેને ધ્યાને રાખી બહુવર્ષીય પ્રશુલ્ક આદેશમાં પરિપ્રેક્ષ્યમાં આયોગે વધારાના ખર્ચની ૧/3 રકમ વસુલ કરવા GSECL ને છુટ આપી.

સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ ના ટ્રુઈંગ-અપ સમયે આયોગે એ બાબત સ્પષ્ટ કરેલ હતી કે તે બે વર્ષની આવકની ઘટને ૨૦૧૧-૧૨ના પ્રશુલ્ક નિર્ધારિણ સમયે ધ્યાને લેવાશે તદનુસાર ૨૦૦૮-૦૯ માટે ₹. ૯૮.૮૪ કરોડ, ૨૦૦૯-૧૦ માટે ₹. ૨૨.૩૩ કરોડ અને સને વર્ષ ૨૦૧૦-૧૧ માટે ₹. ૧૯૩.૭૭ કરોડ મળી કુલ રકમ ₹.૩૧૪.૯૫ કરોડ બાર માસિક એક સમાન હપ્તામાં GUNVL પાસેથી વસુલ કરવા GSECL ને જણાવ્યું .

આયોગે ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના વર્ષ માટે ખરેખર PAF ની સામે સંબંધિત વર્ષના ટ્રુઈંગ અપમાં માન્ય રાખેલ PAF માં સપ્રમાણ દરે ફીક્સ ચાર્જ વસુલ કરવા આદેશ આપ્યા.

આયોગે સને ૨૦૧૨-૧૩ માટે વાર્ષિક ફીક્સ ચાર્જ ₹. ૨૪૪૩.૯૩ કરોડ માન્ય કર્યા અને GSECLને તે કાર્યરત થાય તે તારીખથી પ્રમાણસર ધોરણે વસુલ કરવા GSECL ને નિર્દેશ કર્યા.

ઉકાઈ-૬ પ્રકલ્પ તા. ૧-૭-૨૦૧૨ થી કાર્યરત થવાની શક્યતા હતી આયોગે ₹. ૨૮૯.૦૩ કરોડ ફીક્સ ચાર્જ ઉકાઈ-૬ પ્રકલ્પ શરૂ થવાની તારીખને ધ્યાને રાખી સપ્રમાણ દરે વસુલ કરવા GSECL ને નિર્દેશ આપ્યા. આયોગે કામચલાઉ ધોરણે ઉકાઈ-૬ પ્રકલ્પ માટે વેરીએબલ ચાર્જિસ ₹. ૧.૭૫૭/કેવા/ કલાક માન્ય કર્યા.

આયોગે પ્રવહનઘટ માટે રેલ્વે સમક્ષ દાવા રજૂ કરવા અને દાવાના સમાધાનના કિસ્સામાં ઉપભોક્તાને આ દાવાનો લાભ આપવા નિર્દેશ આપ્યા.

GSECL ને આયોજન અને અમલીકરણ માટે વધુ કાર્યદક્ષતા કેળવવા અને રાજ્ય સરકારની માલિકીની વીજ ઉત્પાદક કંપનીને ખાનગી માલિકીની વીજ ઉત્પાદક કંપની સાથે કાર્યક્ષમતામાં સ્પર્ધા કરી શકે તેમ ક્ષમતા કેળવવા આયોગે નિર્દેશ આપ્યા. GSECL ને આ માટે જરૂરી કાર્ય આયોજન કરવા અને લીધેલ પગલાં અંગે આયોગને જાણ કરવા નિર્દેશ આપ્યા.

**૪,૫,૬,૭ રાજ્ય સરકારની માલિકીની વીજ વિતરણ કંપનીઓ (દગુવીકંલિ. મગુવીકંલિ. પગુવીકંલિ. ઉગુવીકંલિ.)**

અધિનિયમની કલમ ૬૪ ની જોગવાઈ મુજબ આયોગે નિયત કરેલ વિનિયમોને આધીન પરવાનેદારની આયોગ સમક્ષ પ્રશુલ્ક નિર્ધારિણ માટે અરજી કરવાની જવાબદારી છે.

આયોગે તારીખ ૨૨મી માર્ચ ૨૦૧૧ ના રોજ બહુવર્ષીય પ્રશુલ્ક વિનિયમ ૨૦૧૧ જાહેરનામિત કર્યા વિનિયમ ૨૯.૮માં નિર્ધારીત થયા મુજબ પરવાનેદારે તા. ૩૦મી નવેમ્બર ૨૦૧૧ સુધીમાં સને ૨૦૧૨-૧૩નું પ્રશુલ્ક નિર્ધારિણ અને વર્ષ ૨૦૧૦-૧૧નું ટ્રુ-અપ માટે અરજી કરવાની રહેતી હતી.

આયોગે માન્ય રાખેલ તા. ૧ સપ્ટેમ્બર ૨૦૧૧થી અમલી બનેલ સુધારેલ અને પુર્નગઠિત પ્રશુલ્કથી ના કારણે મહેસૂલ ની જરૂરી માહિતિની અપ્રાપ્યતાના કારણે વીજ વિતરણ કંપનીઓએ રજૂ કરવામાં મુશ્કેલી છે. તેમ રજૂઆત કરી. સંબંધિત વીજ વિતરણ કંપનીઓની મુશ્કેલીની સત્યતાને ધ્યાને લઈને આયોગે અરજી દાખલ કરવાની મુદત તા. ૨૦ ડિસેમ્બર ૨૦૧૧ સુધી લંબાવેલ હતી. ત્યાર બાદ વીજ વિતરણ કંપનીઓએ ૨૦૧૨-૧૩માં વર્ષની પ્રશુલ્ક નિર્ધારિણની અરજીના આખરીકરણ માટે જરૂરી મહેસૂલી વિગતો મેળવવાની એ સમર્થતાને ધ્યાને રાખી સમય મર્યાદા જાન્યુઆરી ૨૦૧૨ અંતીત સુધી લંબાવવા આયોગને વિનંતી કરી. ગુજરાત રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતી

સહાયકીની ખાતરી અંગે સરકાર સાથે પરામર્શ કરી જાન્યુઆરી ૨૦૧૨ સુધીમાં મેળવવાનું શક્ય બનશે તેમ વીજ વિતરણ કંપનીઓએ રજુઆત કરી. વીજ વિતરણ કંપનીઓની વિનંતી માન્ય રાખી આયોગે અરજી દાખલ કરવાની મુદત તા. ૩૧મી જાન્યુઆરી ૨૦૧૨ સુધી વધારી આપી આયોગે મંજૂર કરેલ વધારેલ મુદત વીતી ગયા છતા વીજ વિતરણ કંપનીઓ અરજી દાખલ કરવામાં નિષ્ફળ રહ્યા.

OP ના હુકમ ક્રમાંક ૧/૨૦૧૧ માં નામદાર APTELએ રાજ્ય આયોગને આપેલ નિર્દેશ મુજબ એકંદર મહેસૂલી જરૂરીયાત ટુઇંગ અપ અને વાર્ષિક કામગીરી સમીક્ષા રજૂ કરવામાં વિલંબના કિસ્સામાં અને નિર્ધારીત મુદત વીત્યા બાદના એક માસ બાદ અધિનિયમની કલમ ૬૪ ને પ્રશુલ્ક નિર્ધારણ નિતિના પંરતુક ૮.૧ (૭) સાથે વંચાણે લેતા રાજ્ય આયોગ પ્રશુલ્ક નિર્ધારણ માટે સ્વયંસ્ફૂરીત કામગીરી શરૂ કરી શકશે.

નામદાર APTEL ના નિર્દેશના પરિપેક્ષ્યમાં તથા ભારતીય વિદ્યુત અધિનિયમ ૨૦૦૩ની કલમ ૬૪ અને GERC ના બહુવર્ષીય પ્રશુલ્ક વિનિયમ ૨૦૧૧ ના વિનિયમ ૧૦.૨ અને ૨૬.૨ ને ધ્યાને લઈને આયોગે વીજ વિતરણ કંપનીઓના સને ૨૦૧૦-૧૧ના ટ્રુ-અપ અને સને ૨૦૧૨-૧૩ના પ્રશુલ્ક નિર્ધારણ માટે સ્વયંસ્ફૂરીત કામગીરી શરૂ કરી.

આયોગે તા. ૨૮મી ફેબ્રુઆરી ૨૦૧૨ ના રોજ આયોગ સમક્ષ હાજર રહી ટ્રુ-અપ અને પ્રશુલ્ક નિર્ધારણની અરજી રજૂ કરવામાં થયેલ વિલંબના કારણોની સપષ્ટતા કરવા સૂચના આપી.

તા. ૨૮મી ફેબ્રુઆરીના રોજ સુનાવણી દરમિયાન વીજ વિતરણ કંપનીઓએ જણાવ્યાનુસાર તમામ વીજ વિતરણ કંપનીઓએ અપનાવેલ સમાન પ્રશુલ્ક માળખા દગુવીકંલિ. મગુવીકંલિ. પગુવીકંલિ. ઉગુવીકંલિ. માટે ટ્રુ-અપની માહિતિ અને સને ૨૦૧૨-૧૩ના અંદાજ માટે તમામ ચાર વીજ વિતરણ કંપનીની માહિતિના એકત્રીકરણ અને તે માહિતિના સંકલનીકરણ GUNVL ને કર્યા બાદ જ થઈ શકે સહાયકીના પરિપેક્ષ્યમાં જીયુવીએનએલે રાજ્ય સરકારને સંદર્ભ અર્થે આ માહિતિ મોકલી હતી.

સુનાવણી દરમિયાન વીજ વિતરણ કંપનીઓએ ૨૦૧૦-૧૧ના ખરેખર આંકડા અને મહેસૂલી ગાળા તથા ટ્રુ-અપ માટે અને સને ૨૦૧૨-૧૩ માટે અંદાજીત મહેસુલની વિગતો રજૂ કરી આયોગે વીજ વિતરણ કંપનીઓને હિત સંબંધકર્તા પાસેથી સૂચનો મેળવવા જાહેર નોટિસ આપવા નિર્દેશ આપ્યા.

આયોગ સમક્ષ આઠ હિત સંબંધકર્તા પાસેથી વાંધાઓ સૂચનો તા. ૭મી મે ૨૦૧૨ના રોજ યોજાયેલ જાહેર સુનાવણી દરમિયાન રજૂ થયા સંખ્યાબંધ વ્યક્તિઓ વ્યાપારી સંગઠનો અને ચેમ્બર્સ ઓફ કોમર્સ ઔધોગિક સંગઠનો અને ગ્રાહક સંગઠનોએ જાહેર સુનાવણીમાં ભાગ લીધો. અને તેમના મંતવ્યો રજૂ કર્યા આયોગે આ અરજીઓ પર તા. ૨ જૂન ૨૦૧૨ ના રોજ આદેશ જારી કર્યા.

**સને ૨૦૧૦-૧૧ દરમિયાન વીજ વિતરણ કંપનીઓએ કરેલ કામગીરી :-**

સને ૨૦૧૦-૧૧ દરમિયાન ચાર વીજ વિતરણ કંપનીઓ ની ખરેખર વિતરણ ઘટ અને માન્ય રાખેલ વિતરણ ઘટ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

| વીજ વિતરણ કંપનીઓ | માન્ય રાખેલ ઘટ (%) | ખરેખર ઘટ (%) |
|---|---|---|
| દગુવીકંલિ. | ૧૨.૪૫ | ૧૧.૯૬ |
| મગુવીકંલિ. | ૧૩.૦૦ | ૧૪.૬૫ |
| પગુવીકંલિ. | ૨૬.૦૦ | ૨૮.૧૦ |
| ઉગુવીકંલિ. | ૧૪.૦૦ | ૬.૯૧ |

ફક્ત દગુવીકંલિ. અને ઉગુવીકંલિ.એ લક્ષ્યાંક વિતરણ ઘટ હાંસલ કર્યાની નોંધ લેવામાં આવી.

**સને ૨૦૧૦-૧૧ નું ટ્રુ-અપઃ-**

દરેક વીજ વિતરણ કંપનીઓના સને ૨૦૧૦-૧૧ ના ટ્રુઈંગ-અપ સમયે ARR ના દરેક પરિબળની તા. ૩૧મી માર્ચ ૨૦૧૦ના જારી કરેલ સને ૨૦૧૦-૧૧ના પ્રશુલ્ક આદેશમાં માન્ય રાખેલ આંક સાથે સરખામણી કરવામાં આવી. દરેક પરિબળના ટ્રુઈંગ-અપ ના આધારે આયોગે સને ૨૦૧૦-૧૧ના લાભ અને ઘટની ગણતરી કરી. તા. ૩૧મી માર્ચ ૨૦૧૦ના પ્રશુલ્ક આદેશમાં માન્ય રાખેલ એકંદર મહેસૂલી જરૂરિયાત અને સને ૨૦૧૦-૧૧ના સુધારેલ એકંદર મહેસૂલી જરૂરીયાત જે સને ૨૦૧૦-૧૧ ના ટ્રુ-અપની વિગત નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**માન્ય રાખેલ ARR (₹. કરોડમાં)**

| વિતરણ કંપનીનું નામ | તા.૩૧-૩-૨૦૧૦ના પ્રશુલ્ક આદેશમાં સને ૨૦૦૯-૧૦માં માન્યરાખેલ AAR | સને ૨૦૧૦-૧૧ના ટ્રુ-અપમાં માન્ય રાખેલ AAR |
|---|---|---|
| દગુવીકંલિ. | ૪૪૫૪.૪૮ | ૪૭૯૬.૩૯ |
| મગુવીકંલિ. | ૩૦૩૪.૫૯ | ૨૯૬૦.૭૪ |
| પગુવીકંલિ. | ૫૫૧૨.૫૭ | ૬૧૯૧.૯૦ |
| ઉગુવીકંલિ. | ૪૨૩૨.૭૫ | ૪૯૧૩.૫૨ |

આયોગે માન્ય રાખેલ મહેસૂલી ઘટ / પુરાંતની વિગત નીચેના કેષ્ટકમાં દર્શાવેલ છે.

**મહેસૂલી ઘટ/પુરાંત સને ૨૦૧૦-૧૧ (₹. કરોડમાં)**

| વિતરણ કંપનીનું નામ | મહેસૂલી ઘટ/પુરાંત |
|---|---|
| દગુવીકંલિ. | (૧૨.૬૬) |
| મગુવીકંલિ. | (૩૨.૦૬) |
| પગુવીકંલિ. | (૧૩૩.૦૦) |
| ઉગુવીકંલિ. | (૩૦૭.૪૭) |

**વીજ વિતરણ કંપનીઓને આયોગે આપેલ નિર્દેશ**

સને ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ના વર્ષ માટે શ્રેણીવાર પુરવઠાની પડતરની વિગત રજૂ કરવા આયોગે વીજ વિતરણ કંપનીઓને નિર્દેશ આપ્યા.

**૮.૯.૧૦) ટોરન્ટ પાવર લિ. (ટીપીએલ)**

ટોરન્ટ પાવર લિ. (ટીપીએલ) ખાનગી વીજ કંપની છે.

જે અમદાવાદ, ગાંધીનગર અને સુરત ખાતે વીજ વિતરણ પરવાનેદાર છે અને અમદાવાદ અને સુરત ખાતે વીજ ઉત્પાદનની સુવિધા ધરાવે છે. તેમણે સને ૨૦૧૦-૧૧ ના વર્ષ માટે ટ્રુ-અપ અને સને ૨૦૧૨-૧૩ના વર્ષ માટે પ્રશુલ્ક નિર્ધારણ માટે તા. ૯ જાન્યુઆરી ૨૦૧૨ ના રોજ પીટીશન દાખલ કરી.

આયોગે વીજ અધિનિયમ- ૨૦૦૩ની જોગવાઈ તેના નિયમો વિનિયમોમાં નક્કી કરેલ પધ્ધતિ પ્રમાણે પીટીશન ચકાસણી કરી. આયોગે લોકો અને હિત ધારકો પાસેથી વાંધા સૂચનો મંગાવ્યા અને જાહેર સુનાવણી તા. ૨૦મી માર્ચ ૨૦૧૨ ના રોજ યોજવામાં આવેલ ૩૯ હિતધારકો પાસેથી વાંધા સૂચનો રજૂ કરવામાં આવેલ જેમાં

સંખ્યાબંધ વ્યક્તિગત વાણિજ્ય એસોસીએશનોમાં ચેમ્બર ઓફ કોમર્સ ઔદ્યોગિક સંગઠનો અને ગ્રાહક સંગઠનોએ સુનાવણીમાં ભાગ લઈ તેમના મંતવ્યો રજૂ કર્યા. આયોગે તા. ૨ જૂન ૨૦૧૨ના રોજ તેનો પ્રશુલ્ક આદેશ જાહેર કર્યો.

**ટોરન્ટ પાવર લિ.- ઉત્પાદન (ટીપીએલ-જી)**

- ટોરન્ટ પાવર લિ. ના વટવા અને સાબરમતી ઉર્જા વીજ મથકોનું વીજ ઉત્પાદન આયોગે MYT ના આદેશમાં મંજૂર કરેલ ૪૦૬૩ એમયુ સામે ખરેખર ૩૬૧૫ MV નું થયેલ હતું.
- છેલ્લા બહુવર્ષીય પ્રશુલ્ક આદેશમાં મંજૂર કર્યા હતા. તે કરતાં TPLના ઉર્જા મંથકોના PLF નીચા હતા. જ્યારે બીજા ઉર્જા મંથકો માં તે ઉંચા હતા.
- TPL ના તમામ મંથકોના PLF બહુવર્ષીય પ્રશુલ્ક આદેશમાં માન્ય રાખેલ કરતાં નીચો હતો.
- TPL ના CCPP વટવા મથક સિવાય તમામ મંથકોનો ઓકસીલરી વપરાશ MYT આદેશમાં મંજૂર કરેલ તેનાથી વધારે હતો.
- પ્રશુલ્ક આદેશ ૨૦૧૦-૧૧ના માન્ય રાખેલ SHR કરતાં TPL-D સ્ટેશન સિવાયના તમામ મથકોના ખરેખર SHR વધુ હતો.
- ખરેખર દ્વિતિય બળતણનો વપરાશ TPLનો૨૦૧૦-૧૧ દરમિયાન MYT આદેશમાં મંજૂર કરેલ જથ્થા કરતાં ઓછો હતો.
- TPL ઉર્જા મંથકોના પરિવહનમાં કોલસાની ઘટ મંજૂર કરેલ તેના કરતાં વધારે હતી.

**વર્ષ ૨૦૧૦-૧૧ નું ટ્રુ-અપ :-**

નાણાકીય વર્ષ ૨-૧૦-૧૧ ના ટ્રુઈંગ અપ વખતે સને ૨૦૦૯-૧૦ના તા. ૧૭ જાન્યુઆરી ૨૦૦૯ના MYT આદેશમાં દર્શાવેલ એકત્રિત મહેસૂલી જરૂરિયાત દરેક પરિબળની વિગતો સરખાવી હતી. સને ૨૦૧૦-૧૧ના નફા-નુકશાનની ગણતરી માટે દરેક પરિબળના ટ્રુઈંગ અપને આધાર તરીકે લીધેલ હતા.

આયોગે તા. ૧૭ જાન્યુઆરી ૨૦૦૯ ના રોજ બહાર પાડેલ MYT આદેશમાં માન્ય રાખેલ ₹. ૯૫૫.૪૮ કરોડના ARRની સામે આયોગે સુધારેલ ARR ₹. ૧૧૪૧.૮૪ કરોડ માન્ય કરેલ હતો. સુધારેલ ARRને TPL-G પાસેથી વીજ ખરીદી કિંમત તરીકે તબદિલ કરવામાં આવેલ. સને ૨૦૧૦-૧૧ ના સુધારેલ ARR પૈકી ૨૦૦૯-૧૦ ના (નોર્મેટીવ) બળતણ ખર્ચ અને ખરેખર બળતણ ખર્ચના તફાવત પેટે ₹. ૯.૪૧ કરોડ સરભર કરી ₹. ૧૧૪૩.૪૨ કરોડ નક્કી કરવામાં આવી.

**સને ૨૦૧૨-૧૩ ના વર્ષ માટે પ્રશુલ્ક નિર્ધારણ :-**

આયોગે સને ૨૦૧૨-૧૩ માટે TPL-G માટે એકદંર મહેસૂલી જરૂરિયાત ₹. ૧૦૭૭.૮૪ કરોડ માન્ય રાખેલ હતી.

આયોગે TPL ને સાબરમતી મથક અને વટવા મથકના ફીક્સ ખર્ચની અલગ વિગતો આગામી ૨૦૧૩-૧૪ના વર્ષથી પૂરી પાડવા નિર્દેશ આપ્યા.

**ટોરન્ટ પાવર લિ. - વિતરણ (અમદાવાદ અને સુરત)**

અમદાવાદ અને ગાંધીનગર (TPL-A) અને ટીપીએલ-સુરત (TPL-S) ના સને ૨૦૧૦-૧૧ દરમિયાન માન્ય રાખેલ અને ખરેખર વીજ વિતરણ ઘટ નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

**માન્ય રાખેલ અને ખરેખર વીજ વિતરણ ઘટ**

| વિગત | માન્ય રાખેલ વિતરણ ઘટ (%) | ખરેખર ઘટ (%) |
|---|---|---|
| ટીપીએલ - A | ૧૦.૦૦ | ૮.૧૮ |
| ટીપીએલ - S | ૬-૦૦ | ૪.૬૪ |

આયોગે માન્ય રાખેલ વીજ વિતરણ ઘટ કરતાં ખરેખર ઘટ બન્ને વિસ્તારમાં ઓછી રહેલ જેની આયોગે નોંધ લેધી.

**સને ૨૦૧૦-૧૧ નું ટ્રુ-અપ :-**

નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ ના ટ્રુઇંગ અપ વખતે સને ૨૦૦૯-૧૦ ના તા. ૧૭ જાન્યુઆરી ૨૦૦૯ના MYT આદેશમાં દર્શાવેલ ARR ના દરેક પરિબળની વિગતો સાથે સરખાવેલ હતી. સને ૨૦૧૦-૧૧ના નફા-નુકશાનની ગણતરી માટે દરેક પરિબળના ટ્રુઇંગ અપને આધાર તરીકે લીધેલ હતા. આયોગે ટ્રુઅપ પછી માન્ય રાખેલ સુધારેલ ARR અને તા. ૧૭ જાન્યુઆરી ૨૦૦૯ના MYT આદેશમાં માન્ય રાખેલ ARR TPL-A અને TPL-S ની વિગત નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

**માન્ય રાખેલ ARR (₹. કરોડમાં)**

| વિગત | MYT આદેશમાં સને ૨૦૧૦-૧૧ માટે માન્ય રાખેલ ARR | સને ૨૦૧૦-૧૧ના ટ્રુ-અપમાં માન્ય રાખેલ ARR |
|---|---|---|
| ટીપીએલ-A | ૨૨૮૮.૧૬ | ૨૭૦૫.૨૦ |
| ટીપીએલ-S | ૧૪૨૯.૦૧ | ૧૪૫૧.૫૦ |

**આયોગે માન્ય રાખેલ મહેસૂલી ઘટ પુરાંત**

**સને ૨૦૧૦-૧૧ માટે મહેસૂલી (ઘટ) / પુરાંત (₹. કરોડમાં)**

| વિગત | મહેસૂલી(ઘટ)/પુરાંત |
|---|---|
| ટીપીએલ - A | (૧૧૫.૮૪) |
| ટીપીએલ - S | ૫.૭૬ |

**સને ૨૦૧૨-૧૩ ના વર્ષ માટે પ્રશુલ્ક નિર્ધારણ :-**

આયોગે TPL(અમદાવાદ) અને TPL(સુરત) માટે માન્ય રાખેલ એકંદર મહેસૂલી જરૂરિયાત નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**માન્ય રાખેલ ARR (₹. કરોડમાં)** ARR

| વિગત | તા. ૨-૬-૨૦૧૨ના બીજા MYT આદેશમાં સને ૨૦૧૨-૧૩ માટે માન્ય રાખેલ AAR |
|---|---|
| ટીપીએલ - A | ૩૧૭૦.૬૦ |
| ટીપીએલ - S | ૧૫૮૬.૨૭ |

આયોગે સને ૨૦૧૦-૧૧ માટે FPPPA પ્રક્રિયા હેઠળ ₹. ૮૨.૪૯ કરોડની વસૂલાત તથા અમદાવાદ વિસ્તારની મહેસૂલી ઘટ અને સુરત વિસ્તારની મહેસૂલી પુરાંતને સરભર કર્યા બાદ એકત્રિત ઘટ ₹. ૧૧૬.૩૯ કરોડની માન્ય રાખેલ હતી.

**રાજ્ય સરકાર વીજ વિતરણ કંપનીઓ અને ટોરન્ટ પાવર લિ. ના પ્રશુલ્ક આદેશની વિશિષ્ટાઓ :-**

- બીપીએલ ગ્રાહકોના વીજ પ્રશુલ્કમાં વધારો નહીં.
- તમામ ઘર વપરાશના ગ્રાહકોને માસિક વપરાશના પ્રથમ ૫૦ યુનિટમાં કોઈ પ્રશુલ્ક વધારો નહીં.
- કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો માટે પ્રશુલ્ક કોઈ વધારો નહીં.
- અન્ય શ્રેણીઓ માટે પ્રતિ યુનિટ ૧૦ પૈસાનો એનર્જી ચાર્જ વધારવામાં આવ્યો.
- FPPPA ચાર્જમાં જુલાઈ ૨૦૧૨ થી શરૂ થતા ત્રિમાસ માટે રાજ્ય સરકાર માલિકીની વીજ વિતરણ કંપનીઓ પ્રતિ યુનિટ ૧૬ પૈસા અને ટીપીએલ વિતરણ કંપની (અમદાવાદ અને સુરત) પ્રતિ યુનિટ ૨૦ પૈસાનો ઘટાડો થશે તેમ અપેક્ષિત હતું. જેથી ગ્રાહકોના વીજ બીલમાં અસરકારક ઘટાડો થાય તેમ અપેક્ષિત હતું.

**૧૧ એમપીસેઝ યુટીલીટીઝ પ્રા. લિ.** (MUPL)

MUPL એ મુદ્રા સેઝ વિસ્તાર માટે વીજ વિતરણ માટે ડીમ્ડ પરવાનેદાર છે.

MUPL એ ૨૮ ઓગસ્ટ ૨૦૧૦ થી ૩૧ માર્ચ ૨૦૧૧ (તેમના નાણાકીય વર્ષના ૭ માસ) માટે ટુઅપ અને સને ૨૦૧૨-૧૩ માટે છૂટક વિતરણ માટે પ્રશુલ્ક નિર્ધારિણ માટે તા. ૨૮-૧૨-૨૦૧૧ ના રોજ પીટીશન કરી આયોગે વિદ્યુત અધિનિયમની જોગવાઈઓ અને સુસંગત નિયમો, વિનિયમોને ધ્યાને લઈને પીટીશનની ચકાસણી કરી યુટીલીટીઝની પીટીશન પર આયોગે જાહેર જનતા તથા હિતધારકો પાસેથી સૂચનો મંગાવ્યા પરંતુ હિત ધારકો તરફથી કોઈ વાંધા -સૂચનો રજૂ થયેલા ન હતા. આયોગે આ પીટીશન પર તા. ૨ જૂન ૨૦૧૨ ના રોજ આદેશ આપેલ હતા.

**સને ૨૦૧૦-૧૧ દરમિયાન** (MUPL) **ની કામગીરી :-**

MUPLએ સને ૨૦૧૦-૧૧ દરમિયાન ૪.૫૬% વિતરણ ઘટ થયેલ હોવાનું જણાવેલ હતું.

**સને ૨૦૧૦-૧૧નું ટ્રુ-અપ**

સને ૨૦૧૦-૧૧ ના MUPLના ઓડિટેડ વાર્ષિક હિસાબોને વિનિયમોની જોગવાઈઓના પરિપ્રેક્ષ્યમાં આયોગે કામગીરીની સમીક્ષા કરી આયોગે સને ૨૦૧૦-૧૧ ના પ્રશુલ્ક આદેશના દરેક પરિબળ હેઠળના ખર્ચને માન્ય કરેલ નહીં હોવાથી આયોગે ટ્રુઇંગ અપ સમયે આયોગે નફા-નુકશાનની ગણતરી કરેલ ન હતી. APR આદેશમાં દર્શાવેલ એકંદર મહેસૂલી જરૂરિયાત અને સને ૨૦૧૦-૧૧ના આયોગે સને ૨૦૧૦-૧૧ના માન્ય કરેલ ટ્રુ-અપમાં નીચે દર્શાવેલ.

**માન્ય રાખેલ ARR (₹. કરોડમાં)**

| વિગત | APR આદેશમાં સને ૨૦૧૦-૧૧ની માન્ય કરેલ ARR | સને ૨૦૧૦-૧૧ ના ટ્રુ-અપમાં માન્ય કરેલ ARR |
|---|---|---|
| MUPL | ૧૯.૨૨ | ૧૧.૪૮ |

આયોગે માન્ય રાખેલ મહેસૂલી ખાદ્ય/પુરાંતની વિગત નીચેના કેષ્ટકમાં દર્શાવેલ છે.

**મહેસૂલી (ખાદ્ય)/પુરાંત સને ૨૦૧૦-૧૧ (₹. કરોડમાં)**

| વિગત | મહેસૂલી (ખાદ્ય)/પુરાંત |
|---|---|
| MUPL | ૧.૧૧ |

**સને ૨૦૧૨-૧૩ માટે પ્રશુલ્ક નિર્ધારણ :-**

આયોગે MUPL માટે માન્ય કરેલ એકદંર મહેસૂલી જરૂરિયાત નીચે કોષ્ટકમાં દર્શાવિલ છે.

**માન્ય રાખેલ ARR (₹. કરોડમાં)**

| વિગત | તા. ૨-૬-૨૦૧૨ના બીજા MYT આદેશમાં સને ૨૦૧૨-૧૩ માટે માન્ય રાખેલ ARR |
|---|---|
| MUPL | ૮૩.૭૭ |

ફક્ત LT માંગ આધારીત વાણિજ્યક, ઔદ્યોગિક અને HTMD કક્ષાના ગ્રાહકો માટે આયોગે ૨૫ પૈસાનો એનર્જી ચાર્જમાં વધારો કર્યો.

**આયોગે MUPL ને આપેલા નિર્દેશ :-**

આગામી પ્રશુલ્કમાં અરજીમાં ૩૩ કેવી ૧૧ કેવી અને LT સાથે વોલ્ટેજ વાર પડતર અને વોલ્ટેજ વાર વ્હીલીંગ ચાર્જીસની વિગતો રજૂ કરવા નિર્દેશ આપ્યા.

**૧૨ કંડલા પોર્ટ ટ્રસ્ટ (કેપીટી) :-**

કંડલા પોર્ટ ટ્રસ્ટ (KPT) વીજ વિતરણ પરવાનેદાર છે. ભારતીય વિદ્યુત અધિનિયમ-૧૯૧૦ હેઠળ ચીફ કમિશનર કચ્છ વીજ વિતરણ માટે પરવાનો કંડલા પોર્ટ ટ્રસ્ટને આપેલ હતો. વિદ્યુત અધિનિયમ-૨૦૦૩ અમલી બનતા KPT આ અધિનિયમ હેઠળ ડીમ્ડ પરવાનેદાર બનેલ છે અને જેની કલમ ૬૨ હેઠળ તેમણે પ્રશુલ્ક નિર્ધારણ માટે આયોગ સમક્ષ પીટીશન કરવાની રહે છે. કેપીટીની મુખ્ય પ્રવૃતિ દરિયાઇ માર્ગે વાણિજ્યિક માલ સામાનની હેરફેર કરતાં જહાજોને જરૂરી સગવડો પૂરી પાડવાની છે.

કેપીટી બંદર વિસ્તારમાં આશરે ૧૬૦૦ ઘરેલું અને વાણિજ્યક ગ્રાહકોને તથા બંદરીય કામગીરી માટે વિદ્યુત પુરવઠા વિતરણ કરે છે. અન્ય HT ગ્રાહકોની સાથે KPT ખુદ બંદરીય મોટા ભાગની પ્રવૃતિઓ કરે છે. કેપીટીની વર્તમાન વિતરણ પ્રણાલિ મુજબ પરવાના વિસ્તારમાં એક ૬૬ કેવી પેટા મથક અને પંદર ૧૧ કેવી પેટા મંથકો ધરાવે છે. GUVNL. સાથે થયેલ પરસ્પર સમજૂતી કરાર હેઠળ જીયુવીએનએલ પાસેથી GETCO ના માળખા હેઠળ ૬૬ કેવી પુરવઠો કેપીટી મેળવે છે.

તા. ૩૦ મી ડિસેમ્બર ૨૦૧૧ ના રોજ અરજદારે એકંદર મહેસૂલી જરૂરિયાતના નિર્ધારણ અને સને ૨૦૧૨-૧૩ માટે છૂટક વીજ વિતરણ પ્રશુલ્ક નિર્ધારણ માટે આયોગ સમક્ષ પીટીશન દાખલ કરી.

વિદ્યુત અધિનિયમ-૨૦૦૩ થી નિયત થયેલ પ્રક્રિયા અને સંબધિત નિયમો, વિનિયમોની જોગવાઇને ઘ્યાને રાખી આયોગે પીટીશનની ચકાસણી કરી યુટીલીટીની પીટીશન પર આયોગે જાહેર જનતા તથા હિતધારકો પાસેથી સૂચનો મંગાવેલ હતા. હિતધારકો પાસેથી કોઇ વાંધા સૂચનો નહીં મળતા જાહેર સુનાવણી યોજવાની જરૂરીયાત ન હતી. આયોગે આ પીટીશન પર તા. ૨૧ ઓગસ્ટ ૨૦૧૨ના રોજ આદેશ બહાર પાડ્યા.

**કેપીટીના પ્રશુલ્ક હુકમઃ-**

આયોગે MYT આદેશમાં ₹. ૧૩૯૪.૫૫ લાખ ARR અને ૧૪૮.૫૪ LU માન્ય કરેલ હતા. જેના પરિણામે સને ૨૦૧૨-૧૩ ના વર્ષ માટે સરેરાશ પડતર ₹. ૯.૪/ KWH આવેલ હતી. કેપીટીની GUVNL સાથે સમજૂતી આધારણ આયોગે વીજ ખરીદી કિંમત સને ૨૦૧૨-૧૩ માટે ₹. ૫.૫૨ / KWH માન્ય રાખેલ હતી.

ઉંચી વીજ ખરીદી કિંમત અને અન્ય ખર્ચને ધ્યાને લેતા પગુવીકં વિ ના પ્રશુલ્ક દરના અમલીકરણથી ધ્યાનપાત્ર મહેસૂલી ખાધ પરિણમે તેમ છે. આયોગ આથી KPT ની કેટલાક અંશે મહેસૂલી ખાધ ઘટાડવા પ્રશુલ્ક દર સુધાર્યા. તમામ ગ્રાહકોને પુરવઠા માટેની સરેરાશ પડતર સુધી પ્રશુલ્ક સુધારણાના કારણે પ્રશુલ્ક Shockમાં પરિણમી શકે તેમ હતા. જેથી આયોગે હળવા વધારા સાથે પ્રશુલ્ક માન્ય કર્યા.

**કેપીટીના પ્રશુલ્ક આદેશની વિશિષ્ટતાઓ :-**

બે પ્રશુલ્ક કક્ષાઓ ઘરેલું (બંદરીય કર્મચારીઓ) અને ઘરેલું (ખાનગી કર્મચારીઓ) ને એકીકૃત કરવામાં આવી કેમ કે આવી બે અલગ શ્રેણીઓ માટે પ્રશુલ્ક નથી.

- LED-૧ પ્રશુલ્ક શ્રેણીમાં રહેણાંક વિસ્તાર માટે દીવાબતી માટે છે અને પ્રવર્તમાન શ્રેણી LTP-૧ કક્ષા જેમાં (વોટર વર્ક્સ સિવાય) રહેણાંક વિસ્તાર માટે મટિીવ વીજ વપરાશ અંગે છે. તે બન્ને શ્રેણી એકીકૃત કરી “RGP” એમ નવું નામ આપી રહેણાંક વિસ્તારમાં કનેકટેડ ભાર ૧૦૦ સુધીના એકંદર વપરાશકર્તાને આવરી લેવામાં આવેલ છે.
- LED--૨ કક્ષા વાણિજ્યકી ઔદ્યોગિક વિસ્તારના વીજ વપરાશ માટે છે અને LTP-૧ કક્ષા વાણિજ્યક ઔદ્યોગિક વિસ્તારના મોટીવ વીજ વપરાશ માટે છે. તે બન્ને એકીકૃત કરી ૪૦ KV સુધી વાણિજ્યક ઔદ્યોગિક અને કચેરી વિસ્તાર સંસ્થાકીય અને અન્ય વિસ્તાર આ બન્ને શ્રેણીને એકીકૃત કરી તેમ “NON RGP” નામ આપવામાં આવેલ છે.

એકદંર કનેકટેડ લોડ ૪૦ Kvથી વધારે હોય તેવા વાણિજ્યક/ઔદ્યોગિક/કચેરી/સંસ્થાકીય સ્થળોને હાલ LTP-3 પ્રશુલ્ક કક્ષા નીચે આવરવામાં આવે છે. તેમને “LTMD” એમ નવું નામ આપવામાં આવેલ છે.

**આયોગે કેપીટીને આપેલા નિર્દેશ :-**

KPT ગુઉવિનિલિ પાસેથી વીજ ખરીદ કરે છે. યુનિટ દીઠ પડતર ઉંચી હોવાથી ગ્રાહકોને ઉંચા પ્રશુલ્ક દરે મળે છે. KPTને વધુ વ્યાજબી દરે વીજ ખરીદીના વિકલ્પો તપાસવા આયોગે જણાવ્યું જેથી ગ્રાહકો પરના પ્રશુલ્ક નો બોજ ઘટાડી શકાય.

**ટોરન્ટ એનર્જી લિ.** (TEL):-

ટોરન્ટ એનર્જી લિ. એ ટોરન્ટ પાવર લિ. દ્વારા ઉભી કરવામાં આવેલી ખાસ હેતુસરની કંપની છે. જેથી દહેજ ખાસ આર્થિક વિસ્તારને વીજ ઉત્પાદન તથા વીજ વિતરણની ખાતરીને પ્હોંચી વળી શકાય. દહેજ સેઝના ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC) અને તેલ અને પ્રાકૃતિક વાયુ પંચ (ONGC) મારફ્ત ગુજરાત સરકાર વિકાસ કરે છે. ભારત સરકારના ઉધોગ અને વાણિજ્ય મંત્રાલય ના તા. ૨૦ ડિસેમ્બર ૨૦૦૬ના જાહેર નામા ક્રમાંકે ૨૧૩૧ (E) મુજબ બહુવિધ વસ્તુઓ સેઝ તરીકે DSEZ ને જાહેર કરેલ છે. ગુજરાત સરકારે “સૈધ્ધાંતિક” રીતે TEL ને DESZ વિસ્તારમાં વીજ ઉત્પાદન અને વીજ વિતરણ સુવિધા માટે સહવિકાસ કર્તા તરીકે માન્ય કરેલ છે. ભારત સરકારના વાણિજ્ય અને ઉધોગ મંત્રાલયે TEL ને DSEZ વિસ્તારમાં વીજ ઉત્પાદન અને વીજ વિતરણ માળખું ઉભું કરવા માટે સહવિકાસ કર્તા તરીકે માન્ય કરેલ છે.

વિદ્યુત અધિનિયમ-૨૦૦૩ ની કલમ-૧૪ ની જોગવાઈ હેઠળ GERC એ તા. ૧૭ નવેમ્બર ૨૦૦૯ ના આદેશથી DSEZ વિસ્તાર માટે TELને વિતરણ પરવાનો આપીને બીજા વિતરણ પરવાનેદાર તરીકે માન્ય કર્યા. તદનુસાર જીઈઆરસીએ તા. ૨૯ ડિસેમ્બર ૨૦૦૯ ના પત્રથી તા. ૧૮ ડિસેમ્બર ૨૦૦૯ નો વિતરણ પરવાનો આપ્યો. TELએ તા.

૪ એપ્રિલ ૨૦૧૦ થી તેમના વિતરણના વાણિજ્યક કામગીરી શરૂ કરી અને અનેક SEZ વિસ્તારમાં વિતરણ પ્રણાલિ માળખું કરવાની કાર્યવાહી શરૂ કરી. TEL દહેજ ખાતે વીજ મથક સ્થાપનાની કાર્યવાહી ગતિમાં છે અને તે DGEN તરીકે ઓળખાય છે. જાન્યુઆરી ૨૦૧૪ થી સૂચિત ક્ષમતા મુજબ ઉત્પાદન શરૂ કરે તેવી સંભાવના છે.

અરજદારે તા. ૭ માર્ચ ૨૦૧૨ના રોજ અને ૨૦૧૨-૧૩ માટે છૂટક પુરવઠા પ્રશુલ્ક નિર્ધારિણ માટે પીટીશન દાખલ કરી.

આયોગને એક ગ્રાહક સંગઠન તરફથી વાંધા-સૂચનો મળ્યા. તા. ૧૦-30 જુલાઈ ૨૦૧૨ના રોજ જાહેર સુનાવણી યોજી.

**TEL માટે પ્રશુલ્ક આદેશ :-**

આયોગે સને ૨૦૧૧-૧૨ ના વર્ષ માટે ગ્રાહકો પાસેથી દગુવિકંલિ.ના પ્રશુલ્કની મહતમ મર્યાદામાં પ્રશુલ્ક વસૂલવા TELને નિર્દેશ આપ્યા.

**૧૪ જ્યુબીલન્ટ ઈન્ફ્રા લિ. (JIL) :-**

જ્યુબીલન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ. (JIL) એ ૧૯૫૬ના કંપની ધારાની જોગવાઈ તળે ૨૦૦૮માં રચાયેલી છે. જે જ્યુબીલન્ટ લાઇફ સાયન્સ લિ. ની સંપૂર્ણ માલિકીની ગૌણ કંપની છે. JIL એ ચોક્કસ ક્ષેત્ર સીમિત ખાસ આર્થિક વિસ્તાર જેમાં વિલાયત જિ-ભરૂચ ખાતે રસાયણ માટે વિકસાવે છે. JIL-SEZ વિસ્તાર આશરે ૧૦૭ હેક્ટર છે.

ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે JIL ને JIL-SEZ વિસ્તારમા આંતર માળખાકીય સુવિદ્યા ઉભી કરવા સહ વિકાસ કર્તા તરીકે માન્ય કરેલ છે.

ભારત સરકાર વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના તા. 3 માર્ચ ૨૦૧૦ના જાહેર નામા ના ક્રમાંક ૫૨૮(ઈ) થી ડીમ્ડ પરવાનેદાર તરીકે સ્થાપિત થયેલ છે. આયોગે પોતાના પત્ર નં. GERC/લીગલ /૨૦૧૧ /સેઝ/ ૧૨૩ તા. ૧૮-૧-૨૦૧૧ JIL-SEZ વિસ્તાર વિલાયત જિ- ભરૂચ ખાતે વીજ વિતરણ માટે ડીમ્ડ વિતરણ પરવાનેદાર તરીકે માન્ય કરેલ છે.

JILએ તા. ૨૭ એપ્રીલ ૨૦૧૨ ના રોજ સને ૨૦૧૧-૧૨ થી ૨૦૧૫-૧૬ ના નિયંત્રણ ગાળા માટે એકંદર મહેસૂલી જરૂરીયાત અને નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ માટે છૂટક પુરવઠા પ્રશુલ્ક નક્કી કરવા પીટીશન આયોગ સમક્ષ દાખલ કરી. સંબધિત પક્ષકારો અને હિત સંબધકર્તાઓને પીટીશન પર વાંધાઓ/સૂચનો રજૂ કરવા જણાવ્યું. એક ગ્રાહક સંગઠન તરફથી આયોગને વાંધા-સૂચન મળેલ હતા. તા. ૧-સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ આયોગે જાહેર સુનાવણી રાખેલ હતી.

**નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨ થી ૨૦૧૫-૧૬ માટે ARRનું નિર્ધારણ :**

જ્યુબીલન્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિ. ( JIL) એ સને ૨૦૧૧-૧૨ થી ૨૦૧૫-૧૬ માટેના નિયંત્રણ ગાળાની એકંદર મહેસૂલી જરૂરિયાત અને સને ૨૦૧૨-૧૩ના છૂટક પુરવઠાના પ્રશુલ્ક નિર્ધારિણ માટે આયોગ સમક્ષ પીટીશન દાખલ કરી.

JILએ સને ૨૦૧૧-૧૨ થી ૨૦૧૫-૧૬ ના નિયંત્રણ ગાળા માટે અંદાજીત વીજ વેચાણ વિતરણ ઘટની ટ્રેજેક્ટરી, વીજ જરૂરિયાત, મૂડી કૃત ખર્ચ અને ARR તથા સને ૨૦૧૨-૧૩ માટે પ્રશુલ્ક માળખાની વિગત રજૂ કરી.

GERC-MTY વિનિયમ-૨૦૧૧ ની જોગવાઈ મુજબ JILએ વીજ ઉત્પાદન અને વીજ વિતરણની અલગ-અલગ વિગતો પૂરી પાડવાની રહેતી હતી. પરંતુ વીજ ઉત્પાદન માટે અલગથી મિલક્તો તથા ખર્ચની વિગતો પૂરી પાડેલ ન હતી.

આટલું જ નહીં પરંતુ JILએ વીજ ઉત્પાદન માટે તથા તબદિલી ખર્ચના નિર્ધારણ માટે ARR પૂરો પાડેલ નહતો. તેના બદલે સંયુક્ત ખર્ચા અને વીજ ઉત્પાદન અને વિતરણ માટે સંયુક્ત ARR રજૂ કરેલ હતા.

JIL એ ટર્બાઇન સ્થાપિત કરવા માટે ₹. ૪૬.૪૪ કરોડના મૂડી કૃત ખર્ચ (નિયંત્રણ ગાળા માટે અંદાજિત ₹. ૬૦.૦૭ કરોડના મૂડી ખર્ચ પૈકી) અપેક્ષિત છે. JIL એ ટર્બાઇન જનરેટર્સની વેરીએબલ પડતર ₹. ૧૦.૨૪ કેવીએચથી ₹. ૧૪.૩૨ કેવીએચ અંદાજેલ હતી. વર્તમાન ગેસની બજારમાં પ્રાપ્યતા આધારીત કિંમતના આધારે ઉંચી કિંમત અંદાજેલી હતી. સેઝ ખાતે JIL દ્વારા સ્થાપિત વીજ ઉત્પાદન પ્રકલ્પોમાંથી ઉત્પન્ન થતી વીજની પડતર ખુલ્લા બજારમાં વીજ ખરીદ કિંમત પ્રતિ યુનિટ ₹. ૪.૦૦ થી ₹. ૫.૦૦ ની સામે ઘણી ઉંચી હતી. આયોગે JIL ના પોતાના વીજ ઉત્પાદન પ્રકલ્પોની વીજ વપરાશ ઉંચી પડતરના કારણે JIL ને વપરાશ કરવા મંજૂરી આપી ન હતી.

તેના સંદર્ભમાં JIL ને પોતાના વીજ ઉત્પાદન એકમની પડતર ઉંચી હોવાના કારણે તેનો વપરાશ નહીં કરતાં DGVCL/GUVNL કે અન્ય કોઈ સ્ત્રોત પાસેથી સ્પર્ધાત્મક ભાવ મેળવી ખરીદ કરવા આયોગે નિર્દેશ આપ્યા.

જ્યારે પીટીશન દાખલ કરવામાં આવી ત્યારે સને ૨૦૧૧-૧૨ વીતી ગયેલ હતું અને વર્ષ ૨૦૧૨-૧૩ નું અડધું વર્ષ વીતી ગયું હતું. જેથી આયોગે નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩ માટે ARR નક્કી કરેલ ન હતી.

JIL ના વિસ્તારમાં બે પરવાનેદાર દા.ત. DGVCL અને JIL હોવાથી વિદ્યુત અધિનિયમ-૨૦૦૩ ની જોગવાઈ ધ્યાને લઈ વિતરણ પરવાનેદારમાં સ્પર્ધા થાય તે આશય થી આયોગે છૂટક વીજ વેચાણ માટે પ્રશુલ્કની મહત્તમ મર્યાદા નક્કી કરી. તદનુસાર આયોગે તા. ૨-જૂન ૨૦૧૨ ના હુકમથી DGVCL માટે નિયત કરેલા પ્રશુલ્ક દરની મહત્તમ મર્યાદામાં પ્રશુલ્ક નક્કી કરવા આદેશ આપ્યો.

નિયંત્રણ ગાળાના બાકીના સમય માટે એટલેકે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ થી ૨૦૧૫-૧૬ માટે અરજદારને MYT વિનિયમ-૨૦૧૧ અનુસાર તા. ૩૦ મી નવેમ્બર ૨૦૧૨ સુધીમાં પીટીશન રજૂ કરવા નિર્દેશ આપ્યાં.

**આયોગે JIL ને આપેલા નિર્દેશ :-**

- વીજ ઉત્પાદનને લગતા અલગ રેકર્ડ નિભાવવા અને તેને લગતા પ્રત્યક્ષ અને પરોક્ષ ખર્ચને અલગ તારવી તેને વીજ ઉત્પાદન ખર્ચમાં ગણતરીમાં લઈ અને વીજ તબદિલી કિંમત નક્કી કરવી જેથી વીજ ઉત્પાદનથી વીજ વિતરણ પરવાનેદાર અને છૂટક વીજ પુરવઠાની કિંમત નક્કી થઈ શકે.
- વર્ષ વાર જરૂરિયાત દર્શાવીને ભારત સરકારની માર્ગ દર્શિકા મુજબ ત્રણ થી ચાર વર્ષ માટે વીજ ખરીદીની પ્રક્રિયા શરૂ કરવી.
- JIL સેઝના સ્કેલ માપ સાથે પરવાના વિસ્તારમાં વીજ વિતરણ માટે વિગત રજૂ કરવી.

### ૩.૨ રાષ્ટ્રીય વિદ્યુત નીતિના પરિપ્રેક્ષ્યમાં વર્તમાન સ્થિતિ :

#### ૩.૨.૧ મીટરીંગ યોજના

વીજ અધિનિયમ-૨૦૦૩માં તમામ ઉપભોક્તાને મીટર પૂરી પાડવાનું ઠરાવેલ છે. રાષ્ટ્રીય વિદ્યુત નીતિ અનુસાર રાજ્ય આયોગે વિતરણ પરવાનેદારો પાસેથી તેમની મીટરીંગ યોજના મેળવવી તેને માન્ય રાખવા તથા તેના પર દેખરેખ રાખવાની રહે છે. આયોગે તમામ વિતરણ પરવાનેદારોને તેમની મીટરીંગ યોજના રજૂ કરવાના નિર્દેશ આપ્યા. જેના જવાબમાં વિતરણ પરવાનેદારોએ ખેતી વિષયક જોડાણો સિવાયના તમામ જોડાણો મીટરવાળા છે તેમ જણાવેલ હતું.

સને ૨૦૧૨-૧૩ના વર્ષમાં ખેતીવીષયક જોડાણોમાં મીટરની સ્થિતી નીચે મુજબ હતી.

| ક્રમ | વીજ વિતરણ પરવાનેદાર | ખેતી વીષયક મીટરવાળા જોડાણો |
|---|---|---|
| ૧. | ઉ.ગુ.વી.કં.લિ. | ૬૩.૨૫% |
| ૨. | દ.ગુ.વી.કં.લિ. | ૫૬.૧૩% |
| ૩. | મ.ગુ.વી.કં.લિ. | ૬૮.૩૬% |
| ૪. | પ.ગુ.વી.કં.લિ. | ૫૩.૫૭% |
| ૫. | ટી.પી.એલ. (અમદાવાદ) | ૧૦૦% |
| ૬. | ટી.પી.એલ. (સુરત) | ૧૦૦% |

આયોગે ખેતીવિષયક જોડાણો અંગે મીટર પૂરા પાડવાની વર્તમાન સ્થિતિ સુધારવા નિર્દેશ આપ્યા.

### ૩.૨.૨ HVDS, SCADA અને માહિતી આધારીત પ્રબંધન અંગે અમલ :

HVDS અને માહિતી પ્રબંધન યોજના વિતરણ પધ્ધતિ ને વધુ કાર્યક્ષમ રીતે સંચાલનમાં ઉપયોગી છે. તાંત્રિક તથા આર્થિક બાબતોને ધ્યાને રાખી રાષ્ટ્રીય વિદ્યુત નિતિ અનુસાર તથા માહિતી પ્રબંધનને ધ્યાને રાખી વિતરણ પરવાનેદારોએ રજુ કરેલા એસસીએડીએના સમય મર્યાદાવાળા કાર્યક્રમને અમલમાં મુકવા રાજ્ય આયોગે માન્ય કરેલા હોય છે.

SCADAના કાર્યક્રમ અમલીકરણ વિતરણ પરવાનેદારોએ શરૂ કરેલ છે. HVDSના અમલીકરણ થકી ઘટમાં અસરકારક ઘટાડા માટે મ.ગુ.વી.કં.લિ, દ.ગુ.વી.કં.લિ. અને પ.ગુ.વી.કં.લિ એ તેનો અમલ શરૂ કરેલ છે.

### ૩.૨.૩ કામગીરીના ધોરણના માપદંડો :

રાષ્ટ્રીય વિદ્યુત નીતિની જોગવાઈ અનુસાર આયોગે અપેક્ષિત કામગીરીના ધોરણ નિયત કરવાના હોય છે. સંબંધિત આયોગ ગુણવત્તા યુક્ત વિદ્યુત પુરવઠા અંગેના પૂર્વ નિર્ધારીત માપદંડો આધારે યુટીલીટીનું નિયંત્રણ કરે છે. રાજ્યમાં વિતરણ પરવાનેદારો માટે કામગીરીના માપદંડો આયોગે જાહેરનામાં ક્રમાંક ૧૦/૨૦૦૫ તા. ૩૧-૩-૨૦૦૫થી નિયત કરેલા છે. આયોગે આ જાહેરનામાથી નિયત કરેલા માપદંડો સાથે વિતરણ પરવાનેદારો ની કામગીરીની સમીક્ષા કરે છે. આયોગ એસઓપી વિનિયમની જોગવાઈ હેઠળ વિતરણ પરવાનેદારો પાસેથી કામગીરીના ત્રિમાસિક, છ માસિક, વાર્ષિક વિગતવાર અહેવાલ મેળવે છે.

### ૩.૨.૪ ગ્રાહક તકરાર નિવારણ અને વિદ્યુત લોકપાલની નિમણુંક :

રાષ્ટ્રીય વિદ્યુત નીતિની માર્ગદશિકા અનુસાર ગ્રાહક તકરાર નિવારણ ફોરમની રચના અને વિદ્યુત લોકપાલની નિમણુંક કરવાની રહે છે.

આયોગે ગ્રાહક તકરાર નિવારણ ફોરમની રચના અને વિદ્યુત લોકપાલ નિમણુંકની જાહેરાત જાહેરનામાથી પ્રસિધ્ધ કરેલા છે. આયોગ ત્રિમાસિક કામગીરીના અહેવાલ અને સમયાંતરે બેઠકો દ્વારા અંગે વિનિયમ સમીક્ષા કરે છે. ગુજરાતમાં આઠ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ કાર્યરત છે. દરેક ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં એક સ્વતંત્ર સભ્યની પસંદગી આયોગ દ્વારા કરવામાં આવે છે. આયોગે ગુજરાતમાં સ્વતંત્ર વિદ્યુત લોકપાલની નિમણુંક કરેલ છે. જે અલગ સ્વતંત્ર કચેરી દ્વારા તેમની કામગીરી સંભાળે છે.

| કંપનીનું નામ | સરનામું |
|---|---|
| દક્ષિણ ગુજરાત વીજ કં. લી.<br>ગ્રાહક તકરાર નિવારણ ફોરમ | સંયોજક, સી જી આર એફ, દક્ષિણ ગુજરાત વીજ કં. લી.<br>નાના વારાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત-૩૯૫૦૦૬.<br>ફોન : (૦૨૬૧) ૨૮૦૪૨૩૮ |
| મધ્ય ગુજરાત વીજ કં. લી.<br>ગ્રાહક તકરાર નિવારણ ફોરમ | સંયોજક, મધ્ય ગુજરાત વીજ કં. લી. ફોરમ<br>કોર્પોરેટ કચેરી, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા-૩૯૦૦૦૭.<br>ફોન : (૦૨૬૫) ૨૩૫૭૨૧૭ |
| પશ્ચિમ ગુજરાત વીજ કં. લી.<br>ગ્રાહક તકરાર નિવારણ ફોરમ<br>રાજકોટ | સંયોજક, સી જી આર એફ, પશ્ચિમ ગુજરાત વીજ કં. લી.<br>રજિસ્ટર્ડ કોર્પોરેટ ઓફિસ, નાના મૌવા રોડ, લક્ષ્મી નગર,<br>રાજકોટ-૩૬૦૦૦૪. ફોન : (૦૨૮૨) ૨૩૮૦૪૨૫/૨૭ |
| પશ્ચિમ ગુજરાત વીજ કં. લી.<br>ગ્રાહક તકરાર નિવારણ ફોરમ<br>ભાવનગર | સંયોજક, સી જી આર એફ, પશ્ચિમ ગુજરાત વીજ કં. લી.<br>જુના પાવર હાઉસ, કમ્પાઉન્ડ, ચાવડી ગેટ, ભાવનગર-૩૬૪૦૦૨.<br>ફોન : (૦૨૭૮) ૨૫૨૧૭૬૦/૬૧/૬૨ |
| પશ્ચિમ ગુજરાત વીજ કં. લી.<br>ગ્રાહક તકરાર નિવારણ ફોરમ<br>ભૂજ | સંયોજક, સી જી આર એફ, પશ્ચિમ ગુજરાત વીજ કં. લી.<br>ઝોનલ ઓફીસ, પાવર હાઉસ કમ્પાઉન્ડ, હોસ્પિટલ રોડ,<br>ભૂજ-(કચ્છ) ૩૭૦૦૦૧. ફોન : (૦૨૮૩૨) ૨૨૩૦૩૨ |
| ઉતર ગુજરાત વીજ કં. લી.<br>ગ્રાહક તકરાર નિવારણ ફોરમ | સંયોજક, સી જી આર એફ, ઉતર ગુજરાત વીજ કં. લી. ફોરમ,<br>રજિસ્ટર્ડ કોર્પોરેટ ઓફિસ, વીસનગર રોડ, મહેસાણા-૩૮૪૦૦૧.<br>ફોન : (૦૨૭૬૨) ૨૨૨૦૮૦/૮૧ |
| ટોરન્ટ પાવર લીમીટેડ<br>ગ્રાહક તકરાર નિવારણ ફોરમ<br>અમદાવાદ | સંયોજક, ટોરન્ટ પાવર લીમીટેડ<br>બીજે માળે, જયુબીલી હાઉસ સામે, એ ઈ સી ટાવર, શાહપુર,<br>અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન : (૦૭૯) ૨૫૫૦૨૮૮૧ Extn.૫૨૯૦ |
| ટોરન્ટ પાવર લીમીટેડ<br>ગ્રાહક તકરાર નિવારણ ફોરમ<br>સુરત | સંયોજક, ટોરન્ટ પાવર લીમીટેડ<br>ટોરન્ટ હાઉસ, પહેલા માળે, સ્ટેશન રોડ, સુરત-૩૮૫૦૧૩.<br>ફોન : (૦૨૬૧) ૨૪૨૮૨૮૧,૨૪૧૩૦૧૪-૧૯ Extn. ૫૦૨૬ |
| લોકપાલ | વિદ્યુત લોકપાલની કચેરી<br>બેરેક નં. ૩, પોલીટેકનીક કંપાઉન્ડ, આબાંવાડી, અમદાવાદ-૩૮૦૦૦૯.<br>ફોન : (૦૨૭૯) ૨૬૩૦૨૬૮૯ |

## ૩.૩ પ્રશુલ્ક નીતિના પરિપ્રેક્ષ્યમાં વર્તમાન સ્થિતિ :

### ૩.૩.૧ ઈક્વિટી પર વળતર :

સર્વગ્રાહી જોખમ અને પ્રવર્તમાન મૂડીની કિંમતને ધ્યાને રાખી રાજ્ય વિદ્યુત નિયંત્રક આયોગ ઈક્વિટી પર વળતર દર નક્કી કરી શકે તેવી જોગવાઈ પ્રશુલ્ક નીતિમાં છે.

આયોગ સને ૨૦૧૧-૧૨ માટે રાજ્યની તમામ યુટીલીટી માટે ૧૪% ઈક્વિટી પર વળતર માન્ય રાખેલ છે.

### ૩.૩.૨ ઘસારાના દર :-

પ્રશુલ્ક નીતિ પ્રમાણે કેન્દ્રીય આયોગે ઘસારાના દર જાહેર કર્યા છે જે જરૂરી સુધારાઓ સાથે વીજ વિતરણ કંપનીઓને લાગુ પાડી શકાય છે. આયોગે ઘસારાના દર નક્કી કરેલ છે. જે નીચે દર્શાવેલ છે.

| ક્રમ | પરવાનેદાર | નાણાકાય વર્ષ ૨૦૧૨-૧૩ માટે ઘસારા દર |
|---|---|---|
| ૧. | ગુ.રા.વી.નિ.લિ. | ૫.૨૮ % |
| ૨. | ગુ.વી.પ્ર.નિ.લિ. | ૫.૦૧ % |
| ૩. | ઉ.ગુ.વી.કં.લિ. | ૫.૨૭ % |
| ૪. | દ.ગુ.વી.કં.લિ. | ૫.૨૭ % |
| ૫. | મ.ગુ.વી.કં.લિ. | ૫.૨૫ % |
| ૬. | પ.ગુ.વી.કં.લિ. | ૫.૨૬ % |
| ૭. | રા.વી.ર.ક | ૫.૮૬ % |
| ૮. | ટી.પી.એલ.(ઉત્પાદન) | ૩.૫૬ % |
| ૯. | ટી.પી.એલ.(અમદાવાદ) | ૪.૨૮ % |
| ૧૦. | ટી.પી.એલ.(સુરત) | ૩.૩૬ % |

### ૩.૩.૩ દિવસના સમય આધારીત પ્રશુલ્ક :

પ્રશુલ્ક નીતિ દિવસના સમયના પ્રશુલ્ક નિર્ધારણના અમલ માટેની સવલત પૂરી પાડે છે.

દિવસના પ્રશુલ્ક ગુજરાતમાં અમલમાં છે. (LT) ગ્રાહકો કે જેમનો માંગ વીજભાર ૪૦ કિલોવોટ કે તેથી વધુ અને (HT) ગ્રાહકો કે જેમનો નિયમિત વીજ પુરવઠો ૧૦૦ કેવીએ અને તેથી વધુ છે અને રાતના દસ કલાકથી બીજા દિવસના સવારના છ કલાક સુધી ફક્ત રાત્રિ કલાકો દરમિયાન વીજ ઉપયોગ કરે છે તેને માટે અલગ પ્રશુલ્ક લાગુ પાડેલ છે.

તદુપરાંત, સમય અનુસારનો પ્રશુલ્ક અને પાણી પુરવઠાના (LT) જોડાણો માટે અમલમાં છે. એચટી કક્ષામાં કૃષિ ગ્રાહકો અને રેલ્વે ટ્રેંક્શનને છોડીને બાકીના તમામ એચટી કક્ષાના ગ્રાહકો ખરેખર વીજ ઉપયોગ કર્યાના સમયનો લાભ મેળવે છે.

**દિવસના સમય આધારિત પ્રશુલ્ક દર જે તા. ૨-૬-૨૦૧૨ના પ્રશુલ્ક આદેશ અન્વયે UGVCL, DGVCL, MGVCL અને PGVCL માટે અમલી છે. જેનું કોષ્ટક નીચે મુજબ છે.**

| | | |
|---|---|---|
| **વ્યસ્ત સમય કલાક** | : | **૭.૦૦ કલાકથી ૧૧.૦૦ કલાક અને ૧૮.૦૦ કલાકથી ૨૨.૦૦કલાક** |
| **બિન વ્યસ્ત સમય કલાક** | : | **૧૧.૦૦ કલાકથી ૧૮.૦૦ કલાક** |
| **રાત્રિ કલાકો** | : | **૨૨.૦૦ કલાકથી બીજા દિવસના સવારના ૬.૦૦ કલાક સુધી** |

| ગ્રાહક કક્ષા | વ્યસ્ત સમય પ્રશુલ્ક પૈસા/કિલો વોટ કલાક | બિનવ્યસ્ત સમય પ્રશુલ્ક પૈસા/કિલો વોટ કલાક |
|---|---|---|
| LTMD દર-રાત્રિ: ૪૦ કિલોવોટ થી વધુ એકદંર વીજભાર ધરાવતા હોય અને ફક્ત રાત્રિ દરમ્યાન વીજ વપરાશ થતો હોય | ૪૩૫ | ૨૩૦ |
| NON RGP રાત્રિ દર-૪૦ કિલોવોટથી વધુ એકદંર વીજભાર ધરાવતા હોય અને ફક્ત રાત્રી દરમ્યાન વીજ વપરાશ થતો હોય | જો રાત્રિ કલાક સિવાય પણ વીજ વપરાશ કરવામાં આવે તો NON RGP કક્ષાના સુસંગત પ્રશુલ્ક દર લાગુ પડશે. | ૨૩૦ |
| ટાઈપ-I સ્થાનિક સત્તા મંડળ સિવાય અન્ય દ્વારા સંચાલિત પુરવઠા અને ગટર વ્યવસ્થામાં પંપ. | ૩૯૫ | તમામ પાણી પુરવઠાની પાણી કક્ષા માટે બિન વ્યસ્ત ટાઈપ-II સમય દરમ્યાન વપરાશ માટે ૩૦ પૈસા/કિલોવોટ વટાવ ૧૧૦૦ કલાકથી ૧૮૦૦ કલાક અને ૭૫ પૈસા/કિલોવોટ વટાવ રાત્રી દરમ્યાન વપરાશ અંગે. એટલે કે રાત્રીના ૨૨.૦૦ કલાકથી બીજા દિવસના સવારના ૬.૦૦ કલાક સુધી પાણી પુરવઠા ક્ષેણી માટે. |
| ટાઈપ-II પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા પંપ જે સ્થાનિક સત્તા મંડળ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેશન ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા સંચાલિત હોય. | ૩૭૫ | |
| ટાઈપ-III પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના પંચ જે મ્યુનિસિપાલિટી / નગરપાલિકા અથવા ગ્રામ પંચાયત સંચાલિત હોય અથવા ગ્રામ પંચાયતમાં ગુજરાત ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા ઈન્સ્ટોલેશન હોય. | ૨૮૫ | |
| HTP દર - I અને II CD સાથે નિયમિત પુરવઠો અથવા પ્રથમ ૫૦૦ કેવીએની બીલીંગ ડીમાન્ડ. સામે ખરી માંગ | ૪૩૫ | ૪૦૦ |
| HTP દર - I અને II CD સાથે નિયમિત પુરવઠો અથવા બીજા ૨૦૦૦ કેવીએની બીલીંગ ડીમાન્ડ. સામે ખરી માંગ | ૪૯૫ | ૪૨૦ |
| HTP દર - I અને II CD સાથે નિયમિત પુરવઠો અથવા ૨૫૦૦ કેવીએથી વધુ ખરી માંગ હોય. | ૫૦૫ | ૪૩૦ |
| HTP દર - III ઉંચા વીજ દબાણે ૧૦૦ કેવીએથી ઓછો ન હોય તેમ હંગામી સમયગાળા માટે વીજ પુરવઠો. | ૭૧૫ | ૬૪૦ |
| HTP દર - IV ફક્ત રાત્રિ કલાકો દરમિયાન એચટી ઉપભોક્તાએ વીજ પુરવઠાનો વિકલ્પ સ્વીકારેલ હોય. | રાત્રિ કલાક સિવાયવીજ વપરાશ કરવામાં આવેતો HTP- I કક્ષાના સુસંગત પ્રશુલ્ક દર લાગુ પડશે. | ૨૧૦ |

તા. ૨જી જુન ૨૦૧૨ના પ્રશુલ્ક આદેશના સંદર્ભમાં ટોરન્ટ પાવર લિ. અમદાવાદને TOD (Time of Day) પ્રશુલ્ક દર નીચેના કોઠામાં દર્શાવેલ દરે અમલી બનશે.

**દર - HTMD - I**

સ્થાનિક સતા દ્વારા સંચાલિત પંપીંગ સ્ટેશન સિવાયના હેતુ માટે ઉંચા વીજ દબાણના ૧૦૦ KVA અને તેથી વધુની મહત્તમ કોન્ટ્રેક્ટ ડીમાન્ડ ધરાવનારને ઉપભોક્તાને લાગુ પડશે.

**ઉર્જા ચાર્જ :**

| | | |
|---|---|---|
| ૧. | પ્રત્યેક માસના બીલીંગ ડીમાન્ડ ના પ્રત્યેક કિલોવોટ દીઠ પ્રથમ ૪૦૦ યુનિટના | ૩૮૦ પૈસા પ્રતિ યુનિટ |
| ૨. | પ્રત્યેક માસે વપરાયેલ બાકીના યુનિટ | ૩૭૦ પૈસા પ્રતિ યુનિટ |

**વપરાશના સમય (ToU) આધારિત ચાર્જ :**

| નીચે દર્શાવેલ સમય દરમિયાન વપરાશ માટે :- | | | |
|---|---|---|---|
| ૧. | એપ્રીલ થી ઓક્ટોબર | ૧૨૦૦ કલાક-૧૭૦૦ કલાક અને ૧૮૩૦ કલાક થી ૨૧૩૦ કલાક. | |
| ૨. | નવેમ્બર થી માર્ચ | ૦૮૦૦ કલાક-૧૨૦૦ કલાક અને ૧૮૦૦ કલાક થી ૨૨૦૦ કલાક. | |
| | અ. | ૩૦૦ કિલોવોટ સુધીની બીલીંગ ડીમાન્ડ. | ૫૦ પૈસા પ્રતિ યુનિટ |
| | બ. | ૩૦૦ કિલોવોટ થી વધુની બીલીંગ ડીમાન્ડ. | ૭૦ પૈસા પ્રતિ યુનિટ |

**દર - NTCT રાત્રી દરમિયાન રાહત પ્રશુલ્ક :-**

જે મીટરમાં સમય પરિમાણની સવલત હોય અને રાત્રીના ૨૨.૦૦ કલાકથી બીજા દિવસના સવારે ૦૬.૦૦ કલાક સુધી વીજ વપરાશની નોધ મીટરમાં થયેલ હોય અને માસ દરમિયાન કુલ વપરાશના ત્રીજા ભાગથી વધુ વપરાશ આ હોય તો તે પ્રત્યેક Kwh પર ૫૦ પૈસા વળતર મેળવા પાત્ર બનશે.

**દર-HTMD - II**

૧૦૦ કિલોવોટ અને તેથી વધુની મહત્તમ માંગ ધરાવતા હોય તેવા પાણીના અને ગટરના પંપીંગ સ્ટેશન ને વીજ પુરવઠો જે સ્થાનિક સત્તા મંડળ દ્વારા સંચાલિત હોય તેને લાગુ પડશે.

**ઉર્જા ચાર્જ :**

| | |
|---|---|
| સમાન દર | ૩૩૫ પૈસા / યુનિટ |

**ToU ચાર્જ :**

| નીચે દર્શાવેલ કલાકો દરમિયાન વપરાશ થયેલ હોય. :- | | |
|---|---|---|
| ૧. | એપ્રીલથી ઓક્ટોબર ૧૨૦૦ કલાક-૧૭૦૦ કલાક અને ૧૮૩૦ કલાક થી ૨૧૩૦ કલાક. | ૫૦ પૈસા પ્રતિ યુનિટ |
| ૨. | નવેમ્બર થી માર્ચ ૮૦૦ કલાક-૧૨૦૦ કલાક અને ૧૮૦૦ કલાક થી ૨૨૦૦ કલાક. | ૫૦ પૈસા પ્રતિ યુનિટ |

**દર - HTMD - III**

૧૦૦ કિલોવોટ અને તેથી વધુની મહત્તમ માંગ ધરાવતા હોય તેવા પાણીના અને ગટરના પંપીંગ સ્ટેશન ને વીજ પુરવઠો જે સ્થાનિક સત્તા મંડળ દ્વારા સંચાલિત હોય તેને લાગુ પડશે.

**ઉર્જા ચાર્જ :**

| | |
|---|---|
| સમાન દર | ૬૪૦ પૈસા / યુનિટ |

**વપરાશના સમય (ToU) આધારિત ચાર્જ :**

| | નીચે દર્શાવેલ નિશ્ચિત સમય વપરાશ માટે :- | |
|---|---|---|
| ૧. | એપ્રીલથી ઓક્ટો. ૧૨૦૦ કલાક-૧૭૦૦ કલાક અને ૧૮૩૦ કલાકથી ૨૧૩૦ કલાક. | ૫૦ પૈસા પ્રતિ યુનિટ |
| ૨. | નવેમ્બર થી માર્ચ ૦૮૦૦ કલાક-૧૨૦૦ કલાક અને ૧૮૦૦ કલાકથી ૨૨૦૦ કલાક. | ૫૦ પૈસા પ્રતિ યુનિટ |

**દર - NTCT રાત્રી દરમિયાન રાહત પ્રશુલ્ક :-**

નિયમિત વીજ પુરવઠો મેળવવા ઉપભોક્તાઓ કે જેઓએ ફક્ત રાત્રીના ૨૨.૦૦ કલાકથી બીજા દિવસના સવારે ૦૬.૦૦ કલાક દરમિયાન વપરાશનો વિકલ્પ સવીકારેલ હોય તેઓને આ રાત્રી સમયના રાહત પ્રશુલ્ક અમલી બનશે.

**સ્થાયીં ચાર્જ :**

| | |
|---|---|
| સ્થાયી ચાર્જ | સંબંધિત પ્રશુલ્ક કક્ષાના ડીમાન્ડ ચાર્જિસના ૩૦ % |

**ઉર્જા ચાર્જ :**

| | |
|---|---|
| સમાન દર | ૩૨૦ પૈસા / યુનિટ |

ઉપભોક્તા જે તે પ્રશુલ્ક કક્ષાની શરતો ન સંતોષે તો આવાં ઉપભોક્તાને સંબંધિત બીલીંગ સમય માટે HTMD શ્રેણીના પ્રશુલ્ક લાગુ પડશે.

તા. ૨જી જૂન ૨૦૧૨ના પ્રશુલ્ક આદેશથી ટોરન્ટ પાવર લી. સુરતને ToD પ્રશુલ્ક દર અમલી બનાવવામાં આવેલ છે. જે નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**દર-HTMD-1**

સ્થાનિક સત્તા મંડળો દ્વારા સંચાલિત પાણી પુરવઠાના પંપીંગ સ્ટેશન સિવાયના હેતુઓ માટે 3.3 KV ના ઉર્જા પુરવઠાના ઉપભોક્તાઓ જેની કોન્ટ્રેક્ટ માંગ ૧૦૦ KVA અને તેથી વધુ હોય. તેઓને પ્રશુલ્ક આ દરે લાગુ પડશે.

**ઉર્જા ચાર્જ :**

| | | |
|---|---|---|
| ૧. | પ્રત્યેક KVA દીઠ પ્રતિમાસના બીલીંગ ડીમાન્ડના પ્રથમ ૪૦૦ યુનિટના | ૪૧૫ પૈસા પ્રતિ યુનિટ |
| ૨. | પ્રતિમાસના બાકી રહેલા યુનિટ | ૪૦૫ પૈસા પ્રતિ યુનિટ |

**વતા**

**વપરાશના સમય આધારિત ચાર્જ :**

બે વ્યસ્ત સમય દરમિયાન ઉર્જા વપરાશ. ૦૭૦૦ કલાકથી ૧૧૦૦ કલાક અને ૧૮૦૦ કલાકથી ૧૮૦૦ કલાક ૧૮૦૦ કલાક.

| | | |
|---|---|---|
| ૧. | ૫૦૦ KVA થી સુધીના બીલીંગ ડીમાન્ડ. | ૩૫ પૈસા પ્રતિ યુનિટ |
| ૨. | ૫૦૦ KVAÚ થી વુધના બીલીંગ ડીમાન્ડ | ૭૦ પૈસા પ્રતિ યુનિટ |

**દર - NTCT રાત્રી સમયના રાહત પ્રશુલ્ક :-**

રાત્રીના ૨૨.૦૦ કલાકથી બીજા દિવસના સવારે ૦૬.૦૦ કલાક સુધી વીજ વપરાશ થયેલ હોય. (જે પ્રશુલ્ક મીટરમાં સમયની સ્વીચના આધારે કે સમયના પરિણામની સવલત મીટરમાં હોય તે સંજોગોમાં ) માસ દરમિયાન થયેલ કુલ વીજ વપરાશના ત્રીજા ભાગ ૫૦ પૈસા Kwh રાહતને પાત્ર રહેશે.

**દર-HTMD-2**

સ્થાનિક સત્તા મંડળો દ્વારા સંચાલિત પાણી પુરવઠાના પંપીંગ સ્ટેશનો કે જેનો 3.3 KV ના ઉર્જા પુરવઠાના ઉપભોક્તાઓ જેની કોન્ટ્રેક્ટ માંગ ૧૦૦ KVA અને તેથી વધુ હોય. તેઓને પ્રશુલ્ક આ દરે લાગુ પડશે.

| | | |
|---|---|---|
| ૧. | પ્રત્યેક KVA દીઠ પ્રતિમાસના બીલીંગ ડીમાન્ડના પ્રથમ ૪૦૦ યુનિટના | ૪૧૦ પૈસા પ્રતિ યુનિટ |
| ૨. | પ્રતિમાસના બાકી રહેલા યુનિટ | ૪૦૫ પૈસા પ્રતિ યુનિટ |

**વપરાશના સમય આધારિત ચાર્જ :**

બે વ્યસ્ત સમય દરમિયાન ઉર્જા વપરાશ. ૦૭૦૦ કલાકથી ૧૧૦૦ કલાક અને ૧૮૦૦ કલાક થી ૨૨૦૦ કલાક.

| | | |
|---|---|---|
| ૧. | ૫૦૦ KVA થી સુધીના બીલીંગ ડીમાન્ડ. | ૩૫ પૈસા પ્રતિ યુનિટ |
| ૨. | ૫૦૦ KVA થી વુધના બીલીંગ ડીમાન્ડ | ૭૦ પૈસા પ્રતિ યુનિટ |

**દર - NTCT રાત્રી સમયના રાહત પ્રશુલ્ક :-**

રાત્રીના ૨૨.૦૦ કલાકથી બીજા દિવસના સવારે ૦૬.૦૦ કલાક સુધી વીજ વપરાશ થયેલ હોય. (જે પ્રશુલ્ક મીટરમાં સમયની સ્વીચના આધારે કે સમયના પરિમાણની સવલત મીટરમાં હોય તે સંજોગોમાં ) માસ દરમિયાન થયેલ કુલ વીજ વપરાશના ત્રીજા ભાગ ૫૦ પૈસા Kwh રાહતને પાત્ર રહેશે.

**દર-HTMD-3**

હંગામી સમય માટે ૧૦૦ KVA થી ઉર્જા કોન્ટ્રેક્ટ ડીમાન્ડ ધરાવતા ઉપભોક્તાને આ દર લાગુ પડશે.

**ઉર્જા ચાર્જ :**

| | |
|---|---|
| સમાન દર | ૬૪૦ પૈસા પ્રતિ/યુનિટ |

**વપરાશના સમય આધારિત ચાર્જ :**

નીચે દર્શાવાલ બે વ્યસ્ત સમય દરમિયાન વીજ વપરાશ થયેલ હોય એટલે કે ૦૭૦૦ કલાકથી ૧૧૦૦ કલાક અને ૨૨૦૦ કલાક.

| | | |
|---|---|---|
| ૧. | ૫૦૦ KVA થી સુધીના બીલીંગ ડીમાન્ડ. | ૩૫ પૈસા પ્રતિ યુનિટ |
| ૨. | ૫૦૦ KVA થી વુઘના બીલીંગ ડીમાન્ડ | ૭૦ પૈસા પ્રતિ યુનિટ |

**દર-એનટીસીટી (રાત્રિ દરમિયાન રાહત દર પ્રશુલ્ક)**

નિયમિત વીજ પુરવઠો મેળવતા મેળવતા ઉપભોક્તાઓ કે જેઓએ ફક્ત રાત્રિના ૨૨૦૦ કલાકથી બીજા દિવસના ૦૬૦૦ કલાક  દરમિયાન વીજ વપરાશનો વિકલ્પ સ્વીકારેલ હોય. તેઓને રાત્રી સમય પ્રશુલ્ક લાગુ પડશે.

**સ્થાયી ચાર્જ :-**

| | |
|---|---|
| સ્થાયી ચાર્જ | સંબંધિત પ્રશુલ્ક શ્રેણીના ડીમાન્ડ ચાર્જિસના ૩૦% |

**ઉર્જા  ચાર્જ :-**

| | |
|---|---|
| ઉર્જા ચાર્જ | ૩૨૦ પૈસા/પ્રતિ યુનિટ |

ઉપરોક્ત પ્રશુલ્ક કક્ષાની શરતો ઉપભોક્તા દ્વારા સંતોષે તો તેવા સંજોગોમાં સંબંધિત બીલીંગ સમયગાળા માટે HTMD સંબંધિત પ્રશુલ્ક લાગુ પડશે.

**૩.૩.૪ FPPPA ચાર્જિસ :**

ભારત સરકાર દ્વારા પ્રશુલ્ક નીતિ જે જાહેર કરવામાં આવી છે તે અનિયંત્રિત ખર્ચની ઝડપી વસુલાતની જોગવાઈ કરવામાં આવે છે જેથી ઉપભોક્તાએ ભવિષ્યમાં પૂર્વ ખર્ચનો બોજ ઉઠાવવો પડે નહીં.

વિદ્યુત માટેની અપીલ માટે પ્રાધિકરણએ તા. ૧૧મી નવેમ્બર ૨૦૧૧ ના આદેશ નં -૧/૨૦૧૧ ના નિર્દેશ અનુસાર દરેક રાજ્યના આયોગે વીજ અધિનિયમની કલમ ૬૨(૪) મુજબ વિતરણ કંપનીઓને નાણાકીય વર્ષમાં ઉર્જા ખરીદીની પડતરમાં વધારાને સરભર કરવા બળતણ અને ઉર્જા ખરીદી પડતર સરભર માળખું ગોઠવવું જરૂરી છે.

રાજ્યની માલિકીની વિતરણ કંપનીઓ માટે બળતણ અને ઉર્જા ખરીદી સરભર ચાર્જીસ FPPPA ત્રિમાસિક ગાળા પર વસુલ કરવાની પ્રથા સને ૨૦૦૪ થી અને TPL માટે સને ૨૦૦૭ થી અમલમાં છે. આયોગે તા. ૨જી જૂન ૨૦૦૪ના આદેશથી FPPPA ચાર્જિસની ગણતરી માટેની ફોર્મ્યુલા રાજ્યની માલિકીની વિતરણ કંપનીઓ માટે અને તા. ૩૧મી જુલાઈ ૨૦૦૭ના આદેશથી TPL માટે માન્ય કરેલ છે. ચાલુ ત્રિમાસમાં, અગાઉના ત્રિમાસ કરતાં FPPPA ચાર્જીસ કિલાવોટ કલાક દીઠ ૧૦ પૈસાથી વધુ હોય તો ઉપલોકતાને બીલીંગ કરતાં અગાઉ આયોગની મંજૂરી લેવી જરૂરી છે.

TPL અને અન્ય વિતરણ કંપનીઓ FPPPA ચાર્જિસની ગણતરી તમામ આધારીત દસ્તાવેજો સાથે ત્રિમાસિક ધોરણે આયોગને રજૂ કરે છે. આયોગ વિતરણ કંપનીઓએ રજૂ કરેલા દસ્તાવેજોનું પૃથ્થકરણ કરે છે અને મૂળ FPPPA આદેશમાં કોઈ વિસંગતતા કે તફાવત જણાય તો જરૂરી સૂચનાઓ વિતરણ કંપનીને આપે છે. આયોગની સૂચનાના આધારે FPPPA ચાર્જીસમાં જરૂરી સુધારા કરવાના હોય તો વિતરણ કંપની તે મુજબ કરે છે.

સને ૨૦૧૧-૧૨માં FPPPA ચાર્જીસ બીલમાં આકારેલ છે. તે નીચે મુજબ કોઠામાં દર્શાવેલ છે.

| વર્ષ ૨૦૧૨-૧૩ | વિતરણ કંપનીઓ | ટી.પી.એલ. |
|---|---|---|
| એપ્રિલ-૧૨ થી જૂન-૧૨ | ₹.૧.૨૪ યુનિટ | ₹.૧.૨૨ યુનિટ |
| જુલાઈ-૧૨ થી સપ્ટેમ્બર-૧૨ | ₹.૧.૧૮ યુનિટ | ₹.૧.૨૨ યુનિટ |
| ઓક્ટોબર-૧૨ થી ડિસેમ્બર-૧૨ | ₹.૧.૧૮ યુનિટ | ₹.૧.૩૮ યુનિટ |
| જાન્યુઆરી-૧૩ થી માર્ચ-૧૩ | ₹.૧.૦૫ યુનિટ | ₹.૧.૦૭ યુનિટ |

પરવાનેદારની વેબસાઈટ પર આયોગને FPPPA ગણતરી માટે મોકલેલ માહિતી તથા FPPPA ની વસૂલાતની માહિતી મુકેલ છે.

### ૩.૪ મહત્વના અન્ય આદેશો :

**પવન ઉર્જા પ્રશુલ્ક આદેશ નં. ૨/૨૦૧૨ :**

વીજ વિતરણ પરવાનેદારો અને અન્ય દ્વારા પવન ઉર્જા પ્રકલ્પોમાંથી ઉર્જા ખરીદી અંગે પ્રશુલ્ક નિર્ધારણ માટે આયોગે ગુજરાત રાજ્ય માટે તા. ૮-૮-૨૦૧૨ રોજ આદેશ નં. ૨/૨૦૧૨ ઇશ્યુ કર્યા.

**આદેશના મુખ્ય પાસા નીચે મુજબ છે.**

- આયોગે પવન ઉર્જા પ્રકલ્પોની મૂડીકૃત ખર્ચ ₹. ૪.૬૨ કરોડથી વધારીને ₹. ૬.૦૬ કરોડ નિર્ધારીત કર્યો જે નિર્ધારણ સમયે WTG ની રાષ્ટ્રીય/આતંરરાષ્ટ્રીય બજારમા વધતો જતો મૂડીખર્ચ, WTG ઉત્પાદકો દ્વારા આયાતી સાધનો ચલણના વિનિમય દરમાં સતત વધ-ઘટ અને નિયંત્રણ ગાળામાં વસ્તુની કિંમતમાં વધારાને ધ્યાને લેવાયેલ છે.
- હવે પછીનો નિયંત્રણ ગાળો તા. ૧૧-૮-૨૦૧૨થી શરૂ થશે અને તે તા. ૩૧-૩-૨૦૧૬ સુધી લંબાશે.
- આયોગે WTG થી ઉત્પાદિત ઉર્જા માટે જરૂરી આંતર માળખાકીય સવલત ઉભી કરવા ₹. ૩૮ લાખ પ્રતિ મેગાવોટ કિંમત સૂચવેલ છે.
- (જેટકો સબસ્ટેશનનાં ઇન્ટર કનેક્શન પોઇન્ટ) માટેના પ્રશુલ્ક WTG પરના વર્ધિત ઘસારાના લાભને ધ્યાને રાખી ₹. ૪.૨૩/KWH નક્કી કરવામાં આવ્યા છે.
- આયોગે મે.વો. આધારિત WTG ઉપયોગમાં લેવાનું સુચવ્યુ. જેથી ક્ષમતા ઉપયોગ પરિબળ (CUF) અને જમીનનો મહત્તમ ઉપયોગ થઇ શકે.
- અગાઉના આદેશમાં જણાવેલ ૨૩% ની સરખામણીએ ૨૪% CUF આ આદેશમાં નક્કી કરવામાં આવેલ છે. જેથી આગામી નિયંત્રણ ગાળા માટે WTGથી વધુ ઉર્જા પ્રાપ્ય થશે અને તેથી પ્રશુલ્ક ઘટાડામાં મદદરૂપ થશે.
- પવન ઉર્જા ઉત્પાદનનું ત્રાહિત પક્ષને વેચાણ અને કેપ્ટીવ ઉપયોગ માટે સામી સહાયકી સરચાર્જ લાગુ પડશે નહી.

- કેપ્ટીવ પવન ઉર્જા પ્રકલ્પ માટે એક માસનું બેકીંગ માન્ય કરવામાં આવેલ છે. વ્યસ્ત સમય અને બીનવ્યસ્ત સમયના ઉર્જા ઉત્પાદનને પણ પ્રમાણસર આ લાગુ પડશે.

- કેપ્ટીવ પવનઉર્જા પ્રકલ્પમાં એક માસના બેકીંગ પછી વધારાની પ્રાપ્ય ઉર્જા આયોગે નક્કી કરેલ પ્રશુલ્કના ૮૫% દરે વિતરણ પરવાનેદારની ખરીદી ગણાશે.

- ત્રાહિત પક્ષને વેચાણ અને પવનઉર્જાના કેપ્ટીવ ઉપયોગને REC (પુર્નપ્રાપ્ય ઉર્જા પ્રમાણ પત્ર) તે માટે માન્ય ગણાશે.

- પવનઉર્જા પ્રકલ્પોમાંથી પોતાના ઉપયોગ માટે વ્હીલીંગ પાવર/ત્રાહિત પક્ષને વેચાણ અને RECના વિકલ્પ માટે ખુલ્લા પ્રવેશના સામાન્ય દરે ચાર્જિસ અને ઘટ ચૂકવાની રહેશે.

- પવનઉર્જા પ્રકલ્પો કે જેમણે RECનો (પુર્નપ્રાપ્ય ઉર્જા પ્રમાણ પત્ર) નો વિકલ્પ સ્વીકારેલ નથી. તેઓ પ્રવહન ચાર્જ અને ઘટ માટે તા. ૩૦-૧-૨૦૧૦ના હુકમ ક્રમાંક ૧/૨૦૧૦ના લાભ મેળવી શકશે.

- WTG માલિકે પ્રવહન લાઇનમાં ફેરફાર કરવાના સંજોગોમાં સિક્યોરીટી ડિપોઝીટની રકમ ચૂકવાની રહેશે. પ્રકલ્પ અમલી બનવામાં અણધાર્યા કારણસર વિલંબ થાય અને નિયત સમયમર્યાદામાં કાર્યરત થવામાં વિલંબ થાય તો પ્રવહન યુટીલીટી દરેક કેઇસ દીઠ વધારો આપી શકશે.

- ગુજરાત રાજ્યના પવન ઉર્જા પ્રકલ્પો માટે વિતરણ પરવાનેદાર અને અન્ય દ્વારા GUVNL અને Indian Wind Power Association એ પીટીશન નં. ૧૨૪૩/૨૦૧૨ અને ૧૨૪૯/૨૦૧૨થી આદેશ નં. ૨/૨૦૧૨ની રીવ્યુ પીટીશન દાખલ કરી અને તા. ૮-૮-૨૦૧૨, તા.૧૨-૯-૨૦૧૨ અને તા. ૯-૧૦-૨૦૧૨ના રોજ રીવ્યુ થયા.

- બન્ને બાબતોની સુનાવણી એક સાથે કરવામાં આવી જેમાં હિતસંબંધકર્તાઓ પાસેથી સૂચનો મંગાવવામાં આવેલ હતા. રિવ્યુ પીટીશન ૧૨૪૩/૨૦૧૨ નિશતઃ માન્ય રાખી. જેમાં અરજદાર તરફથી CUF માપદંડ જે આયોગે ૨૪% નિશ્ચત કરેલ હતું. તેને ૨૪.૫% કરવાને લગત હતી. WTGના વિકાસકર્તા એકત્રિત ઘસારાનો લાભ લીધેલ તે ગણતરીમાં લઇને તથા અગાઉના આદેશ ક્રમાંક ૨/ તા. ૮-૮-૨૦૧૨થી નિશ્ચત થયેલા. આંતરીય પ્રશુલ્કને ધ્યાને લઇ ₹. ૪.૨૩/ kwhના બદલે ₹. ૪.૨૩/ kwh સ્તરીય પ્રશુલ્ક નિશ્ચત કરવામાં આવ્યા. જેથી નિયંત્રણ સમયગાળા તા. ૧૧-૮-૨૦૧૨ થી તા. ૩૧-૩-૨૦૧૬ માટે પવન ઉર્જાની વિતરણ પરવાનેદાર દ્વારા પવન ઉર્જાની ખરીદી માટે ₹. ૪.૧૫/kwh સ્તરીય પ્રશુલ્ક એકત્રિત ઘસારાનો લાભ મેળવેલ છે કે કેમ ધ્યાને લીધા સિવાય ચૂકવવા પાત્ર રહેશે. રિવ્યુ પીટીશન નં. ૧૨૪૯/૨૦૧૨માં આયોગે મેરીટથી મુક્ત આ બાબતને ઠરાવેલ છે. રિવ્યુ ઓર્ડરની જોગવાઇને અસરકર્તા પરિબળો રિવ્યુ પીટીશન નં. ૧૨૪૯/૨૦૧૨માં ગેરહાજર હતા. પરિણામે રિવ્યુ પીટીશન ૧૨૪૯/૨૦૧૨ કાઢી નાંખવામાં આવી. આદેશ નં. ૨/૨૦૧૨ તા. ૮-૮-૨૦૧૨નો આદેશ બાકીના પાસાં સમાન હતા.

કાર્યરત તથા નાણાકીય પરિબળોને લક્ષમાં લઇને આયોગે પવન ઉર્જા પ્રશુલ્ક નિયત કરેલ છે.

જે પાછળ કોષ્ટકમાં દર્શાવેલ છે.

| તા. ૧૧-૮-૨૦૧૨ થી શરૂ થતાં નવા નિયંત્રણ સમયગાળા માટેના પરિબળો | |
|---|---|
| **પ્રકલ્પ ખર્ચ** | |
| જમીન + યંત્રો અને મશીનરી + બાંધકામ ખર્ચ ₹. લાખ/મે.વો. | ૫૬૮ |
| માળખા ખસેડવાનું ખર્ચ ₹. લાખ/મે.વો. | ૩૮ |
| કુલ પ્રકલ્પ ખર્ચ ₹. લાખ/મે.વો. | ૫૬૮ |
| પ્રથમ વર્ષની O & M ની અધિકૃત માપદંડ ખર્ચ ₹. લાખ/મે.વો. | ૮ |
| O & M માં વધારો (બીજા વર્ષથી પ્રતિ વર્ષ) | ૫.૭૨% |
| **કામગીરીના માપદંડ** | |
| સી યુ એફ | ૨૪.૫% |
| પ્રકલ્પનું આયુષ્ય વર્ષોમાં | ૨૫ |
| દેવા - મૂડી ગુણોત્તર | ૭૦.૩૦ |
| લોનની મુદ્દત વર્ષો | ૧૦ |
| મુદ્દતી લોન પર વ્યાજ | ૧૩% |
| કાર્યકારી મૂડી પર વ્યાજ | ૧૨% |
| ઘસારો | ૬% (પ્રથમ ૧૦ વર્ષો માટે) |
| | ૨% (૧૧ થી ૨૫ વર્ષ સુધી) |
| લઘુત્તમ વૈકલ્પિક દર | ૨૦.૦૦૮% |
| કોરપોરેટ આવક વેરો | ૩૨.૪૪૫% |
| મૂડી પર વળતર | ૧૪% |
| **તા. ૧૧-૮-૨૦૧૨ થી શરૂ થતાં નવા નિયંત્રણ ગાળા માટેના માપદંડો** | |
| | પ્રથમ ૧૦ વર્ષો માટે માન્ય રાખેલ |
| | MAT ૨૦.૦૦૮% અને કોરપોરેટ |
| | વેરો ૩૨.૪૪૫% |
| કુલ પ્રશુલ્ક | ₹. ૪.૫૨/Kwh |
| ઘસારાનો લાભ | ₹. ૦.૩૭/Kwh |
| ચોખ્ખવ પ્રશુલ્ક | ₹. ૪.૧૫/Kwh |

### ૩.૫ પીટીશનો અને અપીલોનો નિકાલ :

આયોગે ૮૧ પીટીશન અને ૧ પરવાના અરજીનો વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન નિકાલ કર્યો અને ૧ અપીલ અને ૪૪ પીટીશન તા.૩૧-૩-૨૦૧૩ના રોજ પડતર હતી.

વિગતો નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

| વિગત | ૧-૪-૨૦૧૨ રોજ બાકી | વર્ષ દરમિયાન મળેલ | કુલ | વર્ષ દરમ્યાન નિકાલ | ૩૧-૩-૨૦૧૩ બાકી |
|---|---|---|---|---|---|
| પીટીશન | ૪૪ | ૯૬ | ૧૪૦ | ૮૧ | ૫૯ |
| અપીલ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ |
| પરચુરણ એપ્લીકેશન | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| પરવાના અરજી | ૦ | ૧ | ૧ | ૧ | ૦ |
| **કુલ** | **૪૫** | **૯૭** | **૧૪૨** | **૮૨** | **૬૦** |

સને ૨૦૧૨-૧૩ દરમિયાન નિકાલ થયેલ પીટીશન, પરચૂરણ અરજીઓ અનુક્રમે પરિશિષ્ટ-૩ અને પરિશિષ્ટ-૪ માં દર્શાવેલ છે.

## પીટીશન, અપીલો, પરચૂરણ અરજીઓ, લાયસન્સ અરજીઓના નિકાલની વિગતો વર્ષ ૨૦૧૧-૧૨






### ૩.૬ તકરારો અને મતભેદોનો ન્યાય નિર્ણય :

- **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ :**

ગ્રાહક ફરિયાદોના યોગ્ય નિવારણની જરૂરીયાત પારખીને વીજળી અધિનિયમ ૨૦૦૩ની કલમ ૪૨ (૫) અન્વયે એ જરૂરી છે કે વિતરણ પરવાનેદારો ગ્રાહક ફરિયાદ નિવારણ માટે ફોરમોની સ્થાપના કરે. ઉપરાંત ફોરમના નિર્ણયો સામે રજુઆત માટે વિદ્યુત લોકપાલની કચેરી સ્થાપવાની પણ જોગવાઈ કરી છે.

આયોગે વિતરણ પરવાનેદારો દ્વારા સ્થાપિત દરેક ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમોમાં સ્વતંત્ર સભ્યની નિમણૂંક કરી છે. દરેક ફોરમના લોકેશનની વિગત જોડાણ-૬માં દર્શાવેલ છે. આયોગ, તેઓ દ્વારા રજુ થતાં ત્રિમાસિક અહેવાલ મારફ્ત અને સમીક્ષા બેઠક દ્વારા આવા ફોરમોની કામગીરી પર દેખરેખ રાખે છે.

- **વિદ્યુત લોકપાલ**

શ્રી વી.ટી. રાજપરાની વિદ્યુત લોકપાલ તરીકે નિમણુંક કરી છે. જેમને સહાયરૂપ કર્મચારી અને અલગ સ્વતંત્ર કચેરી ફાળવવામાં આવેલ છે. ફોરમના આદેશ વિરૂધ્ધની રજૂઆતો વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂ થાય છે. જે ગ્રાહક તકરાર નિવારણની ફોરમના વિદ્યુત લોકપાલ વિનિયમો ૨૦૧૧ અન્વયે કામગીરી બજાવ વિદ્યુત લોકપાલને મળેલી રજૂઆતોની વિગત નીચે મુજબ છે.

| વર્ષની શરૂઆતમાં પડતર કેસની સંખ્યા | વર્ષ દરમિયાન મળેલા કેસોની સંખ્યા | કુલ કેસ | વર્ષ દરમિયાન નિકાલ કરેલ કેસની સંખ્યા | વર્ષના અંતે પડતર કેસની સંખ્યા |
|---|---|---|---|---|
| ૨૧ | ૧૪૨ | ૧૬૩ | ૧૫૧ | ૧૨ |

મળેલ રજૂઆતોના પ્રકારવાર અને ફોરમવાર માહિતી અનુક્રમે જોડાણ-૭ અને જોડાણ-૮માં આપેલ છે.

### ૩.૭ રાજ્ય સલાહકાર સમિતિ :

૨૦૦૩ના વીજળી અધિનિયમના સંદર્ભમાં ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે વીજળી ક્ષેત્રે વાણિજ્ય, ઉદ્યોગ, પરિવહન, કૃષિ, ગ્રાહકો, બિનસરકારી સંસ્થાઓ, શિક્ષણ અને સંશોધન ક્ષેત્રોના નિષ્ણાંત સભ્યોની બનેલી રાજ્ય સલાહકાર સમિતિની રચના કરી છે. સમિતિ નીચેના મુદ્દાઓ અંગે વિચારણા અને ચર્ચા કરવા નિયમિત મળે છે.

- નીતિ વિષયક બાબતો.
- પરવાનેદાર દ્વારા અપાતી સેવાની ગુણવત્તા, સાતત્ય અને ધોરણો.
- પરવાનેદારો દ્વારા લાઈસન્સની શરતોનો અમલ.
- ગ્રાહકના હિતનું રક્ષણ.
- વિદ્યુત પુરવઠો અને યુટીલીટીઝનું એકંદર કામગીરીનો દેખાવ.

સને ૨૦૧૨-૧૩ દરમિયાન તા. ૨૬મી એપ્રિલ ૨૦૧૨ના રોજ તા. ૧૫મી ઓક્ટોબર ૨૦૧૨ ના રોજ બેઠક યોજાયેલ હતી.

## ૩.૮ તાલીમ કાર્યક્રમો :

આયોગના કર્મચારીઓએ નીચે મુજબ જુદા-જુદા તાલીમ કાર્યક્રમોમાં સને ૨૦૧૧-૧૨માં હાજરી આપી હતી.

| અનુ. ક્રમ | તાલીમ કાર્યક્રમમાં હાજર રહેલ અધિકારી કર્મચારીની વિગત | વિષય | સમય ગાળો | સ્થળ | કાર્યક્રમ પ્રાયોજક |
|---|---|---|---|---|---|
| ૧. | ડી.આર. પરમાર<br>સંયુક્ત નિયામક (ટેક.) | ભારતીય અણુ ઉર્જા અંગેની બીજી બેઠક ૨૦૧૨ | ૩૦-૦૮-૧૨થી<br>૩૧-૦૮-૧૨ | મુંબઇ | NOPPEN |
| | | માળખાકીય સુધારા અને વિનિયમને લગતો સઘન અભ્યાસ | ૦૫-૦૩-૧૨થી<br>૦૮-૦૩-૧૨ | શ્રી લંકા | SAFIR |
| ૨. | કુ.સી.એન.ભટ્ટ<br>મુખ્ય હિસાબી અધિકારી | વર્તણૂંકની કળા | ૨૦-૧૨-૧૨થી<br>૨૧-૧૨-૧૨ | ગંગટોક | NIMMA |
| ૩. | રૂચિક સોલા<br>એક્ઝીક્યુટીવ, | અદાલતીય કાર્યવાહી અને ન્યાય વિષયક પ્રક્રિયા | ૧૪-૦૨-૧૨થી<br>૧૬-૦૨-૧૨ | અમદાવાદ | SPIPA |
| ૪. | અભિષેક મકવાણા<br>એક્ઝીક્યુટીવ | વાર્ષિક મહેસૂલી જરૂરિયાત અને વાર્ષિક કામગીરીની સમીક્ષા | ૧૯-૦૭-૧૨થી<br>૨૧-૦૭-૧૨ | પુના | SYMBIO SIS |
| ૫. | અપૂર્વ અધ્વર્યુ<br>નાયબ નિયામક | વિદ્યુત પ્રશુલ્ક વિનિયમ અંગે વગતા પ્રશ્નો | ૩૦-૦૭-૧૨થી<br>૦૩-૦૮-૧૨ | હૈદ્રાબાદ | ASCI |
| ૬. | ભાવેશ શાહ<br>એક્ઝીક્યુટીવ | અદાલતીય કાર્યવાહી અને ન્યાય વિષયક પ્રક્રિયા | ૧૪-૦૨-૧૩થી<br>૧૬-૦૨-૧૩ | અમદાવાદ | SPIPA |
| ૭. | જી.ઓ.દયલાની<br>નાયબ નિયામક | સ્માર્ટ પાવર ગ્રીડનો વિકાસ | ૨૯-૦૧-૧૩થી<br>૩૧-૦૧-૧૩ | અમદાવાદ | SPIPA |
| | | સ્માર્ટ પાવર ગ્રીડનો વિકાસ | ૨૯-૦૧-૧૩થી<br>૩૧-૦૧-૧૩ | હૈદ્રાબાદ | ASCI |
| ૮. | કેતન થાનકી<br>એક્ઝીક્યુટીવ | HVDS | ૧૫-૧૦-૧૨થી<br>૧૮-૧૨-૧૨ | હૈદ્રાબાદ | CIRE |
| | | ઉર્જા ખરીદ કરારને લગતી બાબતો | ૨૩-૦૭-૧૨થી<br>૨૬-૦૭-૧૨ | હૈદ્રાબાદ | CIRE |
| ૯. | એલ.એન.મહીડા<br>એક્ઝીક્યુટીવ | વર્તણુંકની કળા | ૦૪-૧૨-૧૨થી<br>૦૭-૧૨-૧૨ | ગોવા | NIMMA |
| ૧૦. | આર.પી.નાયર<br>અંગત મદદનીશ, સચિવ | કચેરી સચિવ, અંગત સચિવ અને કચેરીના સ્ટાફ માટે વિકાસકીય તાલીમ | ૦૯-૦૭-૧૨થી<br>૧૩-૦૭-૧૨ | ઉદેયપુર | JPC |
| ૧૧. | રૂપેશ જાદવ<br>એક્ઝીક્યુટીવ | તણાવ અને સમય પ્રબંધન, પ્રબંધનની અસરકારતાને કેન્દ્રીકૃત કરવી. | ૧૧-૦૨-૧૩થી<br>૧૫-૦૨-૧૩ | ગોવા | JPC |
| ૧૨. | એસ.આર.પાન્ડે<br>કાનુની સલાહકાર | મોડેલ ૦૦ આધારિત માઇક્રો ઉર્જા મથકો માટે | ૨૯-૦૮-૧૨થી<br>૩૧-૦૮-૧૨ | પુના | WISE |
| ૧૩. | વાસીમ એ.અન્સારી<br>એક્ઝીક્યુટીવ | અદાલતીય કાર્યવાહી અને ન્યાય વિષયક પ્રક્રિયા | ૧૪-૦૨-૧૩થી<br>૧૬-૦૨-૧૩ | અમદાવાદ | SPIPA |

### ૩.૯ નિયંત્રક ફોરમની બેઠકો :

કેન્દ્ર અને રાજ્ય વીજળી વિનિયમની પ્રવૃત્તિઓનું સંકલન કરવા ભારત સરકારે ૨૦૦૩ની વીજળી અધિનિયમની કલમ ૧૬૬ (૨) અન્વયે નિયંત્રક ફોરમની સ્થાપના કરી છે. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના ચેરમેન આ ફોરમના સભ્ય છે. તેમણે ફોરમની વિવિધ બેઠકો અને FOR દ્વારા રચાયેલ વિવિધ અભ્યાસ જુથની બેઠકોમાં સક્રીય ભાગ લીધો હતો જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | નિયંત્રક ફોરમની બેઠક | તારીખ | હાજરી આપી |
|---|---|---|---|
| ૧. | બેઠક, ગંગટોક, સિક્કીમ ખાતે | ૧૯-૦૪-૨૦૧૨ થી | |
| | | ૨૦-૦૪-૨૦૧૨ | ડૉ. પી.કે.મિશ્રા, અધ્યક્ષ |
| ૨. | બેઠક, વિશાખાપટ્ટમ, | ૨૭-૦૭-૨૦૧૨ થી | |
| | આન્ધ્રપ્રદેશ ખાતે | ૨૮-૦૭૭-૨૦૧૨ | ડૉ. પી.કે.મિશ્રા, અધ્યક્ષ |
| ૩. | બેઠક, દિલ્હી ખાતે | ૨૮-૦૮-૨૦૧૨ થી | |
| | | ૨૯-૦૮-૨૦૧૨ | ડૉ. પી.કે.મિશ્રા, અધ્યક્ષ |
| ૪. | બેઠક, પોર્ટ બ્લેર, | ૦૬-૧૨-૨૦૧૨ થી | |
| | આંદામાન-નિકોબાર ટાપુ ખાતે | ૦૮-૧૨-૨૦૧૨ | ડૉ. પી.કે.મિશ્રા, અધ્યક્ષ |
| ૫. | બેઠક, સુંદરવન, | ૧૪-૦૨-૨૦૧૩ થી | |
| | પશ્ચિમ બંગાળ ખાતે | | ડૉ. પી.કે.મિશ્રા, અધ્યક્ષ |

### ૩.૧૦ ભારતીય નિયંત્રક ફોરમની બેઠકો :

ભારતીય નિયંત્રક ફોરમ નિયંત્રક સંસ્થાઓની કામગીરીમાં પારદર્શિકતાને ઉત્તેજન આપવા, ગ્રાહક હિતનું રક્ષણ કરવા અને ગ્રાહક સલાહ સંસ્થાઓ વિકસાવવા, નિયંત્રક સંસ્થાઓ, વિતરણ કંપનીઓ અને અન્ય હિતસંબંધીઓનાં માનવીય અને સંસ્થાત્મક ક્ષમતા વિકસાવવા, સ્વતંત્ર વિનિયમની ક્ષમતા અને અસર કારક્તાનું સંશોધન કરવા છે. જે નિયંત્રક કાયદા અને પ્રેકટિસ તથા નિયંત્રક અર્થતંત્ર અંગે માહિતી આધાર પુરો પાડવા અને ભારતમાં શૈક્ષણિક સંશોધન સંસ્થાઓ ધંધાદારી સંસ્થાઓ તથા બિનસરકારી સંસ્થાઓ સાથે તથા આંતરરાષ્ટ્રીય દૃષ્ટિએ હિતકારક વિસ્તારોમાં મંડળીને હિત માટે સહકાર સાધવા મંડળી નોંધણી અધિનિયમ હેઠળ સ્થપાયેલ મંડળી છે. ૨૦૧૧-૧૨ના વર્ષ દરમિયાન નિયંત્રક ફોરમની બેઠક નીચે મુજબ યોજવામાં આવી હતી.

| ક્રમ | ભારતીય નિયંત્રક ફોરમની બેઠક | તારીખ | હાજરી આપી |
|---|---|---|---|
| ૧. | વાર્ષિક સાધારણ સભા | ૦૬-૦૬-૨૦૧૨ | ડૉ.પી.કે.મિશ્રા, અધ્યક્ષ |
| | | | શ્રી પ્રવિણભાઈ પટેલ સભ્ય (તાંત્રિક) |
| | | | ડૉ. એમ.કે.ઐયર સભ્ય (નાણા) |
| ૨. | રાંચી-ઝારખંડ ખાતે | ૬,૫-૧૦-૨૦૧૨ | ડૉ. પી.કે.મિશ્રા, અધ્યક્ષ |
| | વિદ્યુત નિયંત્રક આયોગના | | શ્રી પ્રવિણભાઈ પટેલ સભ્ય (તાંત્રિક) |
| | સભ્યો તથા અધ્યક્ષશ્રી ઓ માટે | | ડૉ. એમ.કે.ઐયર સભ્ય (નાણા) |
| | તાલીમ/બેઠક/કાર્યશાળા બાબત | | |

# ૪. વાર્ષિક હિસાબો

ગુજરાત વીજળી નિયંત્રક આયોગના ફંડનું સંચાલન ૨૦૦૫ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ફંડ નિયમો દ્વારા થાય છે. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની આવકમાં મુખ્યત્વે લાઈસન્સ અને પીટિશન ફીનો સમાવેશ થાય છે. કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ દ્વારા ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ફંડનું દર વર્ષે ઓડિટ થાય છે. રાજ્ય વિધાનસભા સમક્ષ વાર્ષિક હિસાબો રજુ થાય છે.

ફંડનું રોકાણ રાષ્ટ્રીયકૃત બેન્કો તથા રાજ્ય દ્વારા પુરસ્કૃત નાણાંકીય સંસ્થાઓમાં થાય છે. ફંડનું સંચાલન ૧૯૭૧ના વખતો વખતના સુધારેલા ગુજરાત નાણાંકીય નિયમો દ્વારા થાય છે. વધારાના નાણાનું રોકાણ રાષ્ટ્રીયકૃત બેન્કો તથા રાજ્ય સરકારની નાણાંકીય સંસ્થાઓમાં નિયત થાપણોમાં થાય છે. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગને ગુજરાત સરકાર તરફથી કોઈ અનુદાન/નાણાંકીય સહાય મળતી નથી અને તે ૨૦૦૫થી નાણાકીય રીત સ્વનિર્ભર છે.

| ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ<br>નાણાંકીય પત્રક<br>૩૧મી માર્ચ ૨૦૧૩ના રોજનું સરવૈયુ | | |
|---|---|---|
| | | રકમ ₹. |
| **કોર્પસ/મૂડી ફંડ અને જવાબદારીઓ** | **૨૦૧૨-૧૩** | **૨૦૧૧-૧૨** |
| કોર્પસ - ગુ. વિ. નિ. આયોગ મૂડી ફંડ | ૮૮,૫૦,૦૦,૦૦૦.૦૦ | ૭૧,૦૦,૦૦,૦૦૦.૦૦ |
| અનામત અને પુરાંત | ૪,૨૯,૩૧,૭૫૩.૪૬ | ૩,૭૮,૨૭,૪૨૩.૫૮ |
| અંકિત દેણગી ફંડ | ૦.૦૦ | ૦.૦૦ |
| તારણવાળી લોન અને ઉછીના નાણાં | ૦.૦૦ | ૦.૦૦ |
| તારણ વિનાની લોન અને ઉછીના નાણાં | ૧,૨૬,૦૦૦.૦૦ | ૧,૦૦૦.૦૦ |
| વિલંબીત ધિરાણ જવાબદારીઓ | ૦.૦૦ | ૦.૦૦ |
| ચાલુ જવાબદારીઓ અને જોગવાઇ | ૨૦,૮૧,૩૧,૭૭૯.૯૧ | ૧,૦૭,૯૮,૮૬૩.૯૨ |
| **સરવાળો ₹.** | **૧,૧૩,૬૧,૮૯,૫૩૨.૯૧** | **૭૫,૮૬,૨૭,૨૮૭.૫૦** |
| **અસ્કયામતો** | | |
| સ્થાયી મિલ્કતો | ૨૩,૬૯,૧૭,૯૧૧.૫૮ | ૧,૯૦,૨૦,૩૬૫.૫૮ |
| અંકિત/દેણગી ફંડોમાંથી મૂડી રોકાણ | ૦.૦૦ | ૦.૦૦ |
| અન્ય મૂડી રોકાણ | ૦.૦૦ | ૦.૦૦ |
| ચાલુ અસ્કયામતો, લોન, પેશગીઓ | ૮૯,૯૨,૭૧,૬૨૧.૩૩ | ૭૩,૯૬,૦૬,૯૨૧.૯૨ |
| પ્રકીર્ણ ખર્ચ | | |
| **સરવાળો ₹.** | **૧,૧૩,૬૧,૮૯,૫૩૨.૯૧** | **૭૫,૮૬,૨૭,૨૮૭.૫૦** |

## ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

## ૩૧મી માર્ચ ૨૦૧૩ના રોજ પૂરા થતા વર્ષ માટે આવક અને ખર્ચનો હિસાબ

| | | રકમ ₹. |
|---|---|---|
| **આવક** | **૨૦૧૨-૧૩** | **૨૦૧૧-૧૨** |
| વેચાણ/સર્વિસમાંથી આવક | ૦.૦૦ | ૦.૦૦ |
| અનુદાન/સહાયકી | ૦.૦૦ | ૦.૦૦ |
| ફી અને ચાર્જ | ૧૫,૧૮,૫૮,૦૧૧.૦૦ | ૧૫,૭૨,૪૪,૫૯૮.૦૦ |
| મૂડી રોકાણમાંથી આવક (મૂડી રોકાણ | ૦.૦૦ | ૦.૦૦ |
| અંગે ફંડ ખાતે તબદીલ કરેલ અંકિત | | |
| રોયલટી, પ્રકાશનો વગેરેમાંથી આવક) | ૦.૦૦ | ૦.૦૦ |
| પ્રાપ્ત કરેલ વ્યાજ | ૭,૪૧,૫૬,૮૮૧.૧૮ | ૬,૨૧,૭૯,૪૯૦.૫૧ |
| અન્ય આવક | ૩૧,૪૪૮.૦૦ | ૫૭,૯૮૧.૦૦ |
| તૈયાર માલનો સ્ટોકમાં વધારો/ | ૦.૦૦ | ૦.૦૦ |
| ઘટાડો અને ચાલુ કામ | | |
| **સરવાળો ₹.** | **૨૨,૬૦,૪૬,૩૪૦.૧૮** | **૨૧,૯૪,૮૨,૦૬૯.૫૧** |
| **ખર્ચ** | | |
| મહેકમખર્ચ | ૨,૩૭,૧૪,૬૨૯.૯૯ | ૨,૦૬,૯૧,૯૮૯.૦૦ |
| અન્ય વહીવટી ખર્ચ વગેરે | ૨,૧૩,૮૩,૧૩૬.૩૧ | ૧,૪૯,૪૫,૪૫૪.૦૬ |
| અનુદાન, સહાયકી ખર્ચ વગેરે | ૦.૦૦ | ૦.૦૦ |
| વ્યાજ | ૦.૦૦ | ૦.૦૦ |
| ઘસારો (અનુસૂચિ-૮ને અનુરૂપ વર્ષને | ૮,૪૪,૨૪૪.૦૦ | ૮,૫૨,૬૩૬.૦૦ |
| અંતે ચોખ્ખો સરવાળો) | | |
| **સરવાળો ₹.** | **૪,૫૯,૪૨,૦૧૦.૩૦** | **૩,૬૪,૯૦,૦૭૯.૦૬** |
| ખાસ અનામત ખાતે તબદિલી | ૧૮,૦૧,૦૪,૩૨૯.૮૮ | ૧૮,૨૯,૯૧,૯૯૦.૪૫ |
| (દરેક નિર્દિષ્ઠ કરવું) | ૧૭,૫૦,૦૦,૦૦૦.૦૦ | ૧૮,૦૦,૦૦,૦૦૦.૦૦ |
| સામાન્ય અનામત ખાતે/ માંથી તબદિલી | ૫૧,૦૪,૩૨૯.૮૮ | ૨૯,૯૧,૯૯૦.૪૫ |
| સિલક બાકી જમા હોઇ સરવૈયામાં તબદિલી | ૦.૦૦ | ૦.૦૦ |
| નોંધ પાત્ર હિસાબ નીતિ | | |
| આકસ્મિક જવાબદારીઓ અને હિસાબો પર નોંધ | | |

# ૫. ગુજરાતમાં ઉર્જાક્ષેત્રનું ચિત્ર-એક દષ્ટિપાત :

## ૫.૧ ગુજરાતમાં ઉર્જાક્ષેત્રનું ચિત્ર :

ગુજરાતનું ઉર્જાક્ષેત્ર નીચે દર્શાવેલ રાજ્યની માલિકીની વીજ કંપનીઓ અને ખાનગી કંપનીઓનું બનેલું છે.

**રાજ્ય માલિકીની વીજ કંપનીઓ :**

૧. ગુજરાત રાજ્ય વિદ્યુત કોર્પોરેશન લીમીટેડ (GSECL) (વીજ ઉત્પાદક કંપની)
૨. ગુજરાત રાજ્ય વીજ પરિવહન કંપની લીમીટેડ (જેટકો)
૩. દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ
૪. મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ
૫. પશ્ચિમગુજરાત વીજ કંપની લીમીટેડ
૬. ઉતર ગુજરાત વીજ કંપની લીમીટેડ
૭. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ / હોલ્ડીંગ કંપની

**ખાનગી વીજ કંપનીઓ :**

૧. ટોરન્ટ પાવર લીમીટેડ (અમદાવાદ)
૨. ટોરન્ટ પાવર લીમીટેડ (સુરત)
૩. ટોરન્ટ પાવર લીમીટેડ (વીજ ઉત્પાદન)

આ ઉપરાંત ચાર સ્પેશીયલ ઈકોનોમીક ઝોન (SEZs) છે. જે તેમના વિસ્તારમાં ડીમ્ડ વીજ વિતરણ પરવાનેદાર છે અને કંડલા પાસે ટ્રસ્ટ જે કંડલા બંદર વિસ્તારમાં વીજ વિતરણનો પરવાનો ધરાવે છે.

## ૫.૨ વર્ષ ૨૦૧૨-૧૩ માટે વીજ ઉત્પાદનની પ્રસ્થાપિત ક્ષમતા પ્રમાણે ક્ષેત્ર વાર ઉત્પાદન કંમ્પોઝીશન નીચે મુજબ છે.

| વિગત | ૩૧-૩-૨૦૧૩ની | |
|---|---|---|
| | સ્થિતિ ક્ષમતા (MW) | હિસ્સો % |
| રાજ્ય ક્ષેત્ર | ૪૯૯૫.૫૭ | ૨૩.૧૬ % |
| ખાનગી ક્ષેત્ર | ૭૦૨૪.૪૪ | ૩૨.૫૭ % |
| કેન્દ્રીય ક્ષેત્ર | ૫૫૭૧.૧૭ | ૨૫.૮૩ % |
| પવન ચક્કી | ૩૦૮૭.૪ | ૧૪.૩૨ % |
| સૌર ઉર્જા | ૮૫૬.૮૧ | ૩.૯૭ % |
| બાયો માસ | ૩૧.૨ | ૦.૧૪ % |
| **કુલ** | **૨૧૫૬૬.૫૯** | **૧૦૦** |

## તા. ૩૧-૩-૨૦૧૩ના રોજની સ્થિતિએ પ્રસ્થાપિત ક્ષમતા. (મે.વો.)




## ૫.૩ નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ ના અંતે વીજ બળતણ આધારે સ્થાપિત ક્ષમતાની વિગતો (મે.વો.)

| વિગત | ૩૧-૩-૨૦૧૩ની | |
|---|---|---|
| | સ્થિતિ ક્ષમતા (MW) | હિસ્સો % |
| થર્મલ | ૧૨૪૨૬.૧૭ | ૬૪.૧૫ % |
| ગેસ | ૩૮૨૧.૦૧ | ૨૨.૮૪ % |
| જલ | ૭૮૫ | ૪.૨૬ % |
| અણુ વિદ્યુત | ૫૫૯ | ૩.૦૬ % |
| સૌર ઉર્જા | ૮૫૬.૮૧ | ૪.૬૯ % |
| પવન ઉર્જા | ૩૦૮૭.૪ | ૧૬.૯૨ % |
| બાયો માસ | ૩૧.૨ | ૦.૧૭ % |
| **કુલ** | **૨૧૫૬૬.૫૯** | **૧૦૦** |

### તા. ૩૧-૩-૨૦૧૩ના રોજની સ્થિતિએ બળતણવાર પ્રસ્થાપિત ક્ષમતા. (મે.વો.)




**૫.૪ ગુજરાત રાજ્યમાં નવીનીકરણ ઉર્જા ક્ષેત્રનું ચિત્ર :**

૧ રાજ્ય સરકારે ૨૦૦૯માં તેની ઐતિહાસિક સૌર ઉર્જા ઉત્પાદન અંગેની નિતીની જાહેરાત કરી જેના કારણે ૮૭ જેટલા રાષ્ટ્રીય અને આતંરરાષ્ટ્રીય ડેવલપરે વીજ ખરીદીના કરારો કર્યા જેનાથી ૯૬૧.૫ મે.વો. ઉર્જા ઉત્પાદનની ક્ષમતા થઈ, ગુજરાત રાજ્ય પ્રથમ એવું રાજ્ય છે જેણે પ્રથમ સૌર પ્રઃશુલ્ક આદેશ જાહેર કર્યા અને સૌર ઉર્જા માટે આરપીઓમાં અલગથી જોગવાઈ કરી.

૨ સૌર ઉર્જા નિતી અને ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના સૌર ઉર્જા આદેશની વિશિષ્ટતાઓ.

૧. સૌર ઉર્જા ઉતપન્ન થતી વીજળીના વહન માટે વ્હીલીંગ ચાર્જમાં છૂટછાટ.
૨. વીજ ડ્યુટીની ચૂકવણી માંથી મુક્તિ.
૩. જેટકો દ્વારા સૌર ઉર્જા પ્રકલ્પના સ્થળેથી રાજ્ય પરિવહન એકમ દ્વારા ગ્રીડ જોડાણ અને ઈવેક્યુએશન અંગેની સગવડો પુરી પાડવી.
૪. સૌર ઉર્જા પ્રકલ્પોમાંથી ઉર્જા વિતરણ માટે મેરીટ ઓર્ડર પ્રીન્સીપલ લાગું નહીં પડે.
૫. સૌર ઉર્જા પ્રકલ્પો માટે નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧થી શરૂ કરી ૦.૨૫% અલગ RPO જોગવાઈ છે. જે વર્ષ ૨૦૧૨-૧૩ ના અંતે ૧.૦% સુધી જશે.

૪ રાજ્ય સરકારની નિતીઓના પરિણામે રાજ્યમાં મોટી સંખ્યામાં રોકાણકારોએ સૌર ઉર્જા ઉત્પાદન ક્ષેત્રે રોકાણ કરી ૯૬૧.૫ મે.વો. ઉત્પાદન માટે ઉર્જા ખરીદી કરાર કરવામાં આવેલ છે. જેમાંથી ૩૧-૩-૨૦૧૨ સુધીમાં ૫૫૪.૪૦ મે.વો. માં ફોટો વોલ્ટીક સૌર ઉર્જા પ્રકલ્પો કાર્યરત થાય છે.

**કોષ્ટક : તા. ૨૯- જાન્યુ. ૨૦૧૨ અને તા. ૩૧- માર્ચ ૨૦૧૫ દરમિયાન કાર્યરત થનાર સૌર ફોટોવોલ્ટેક ઉર્જા પ્રકલ્પોના પ્રશુલ્કની તારીજ**

| સમયગાળો | તા. ૨૯- જાન્યુ. ૨૦૧૨ થી | તા. ૧- એપ્રિલ ૨૦૧૩ થી | તા. ૧- એપ્રિલ ૨૦૧૪ થી |
|---|---|---|---|
| | તા. ૩૧- માર્ચ ૨૦૧૩ | તા. ૩૧- માર્ચ ૨૦૧૪ | તા. ૩૧- માર્ચ ૨૦૧૫ |
| **( મેગાવોટ આધારીત ફોટોવોલ્ટેક પ્રકલ્પો માટે એકત્રિત ઘસારાનો લાભ મેળવેલ હોય** | | | |
| ૨૫ વર્ષો માટે સ્તરીય પ્રશુલ્ક | ₹. ૯.૨૮/kWh | ₹. ૮.૬૩/kWh | ₹. ૮.૦૩/kWh |
| પ્રથમ ૧૨ વર્ષો માટે | ₹. ૯.૯૮/kWh | ₹. ૯.૧૩/kWh | ₹. ૮.૩૫/kWh |
| બાકીના ૧૩ વર્ષો માટે | ₹. ૭.૦૦/kWh | ₹. ૭.૦૦/kWh | ₹. ૭.૦૦/kWh |
| **એકત્રિત ઘસારાનો લાભ મેળવેલ ન હોય તેવા મેગાવોટ આધારીત ફોટોવોલ્ટેક પ્રકલ્પો** | | | |
| ૨૫ વર્ષો માટે સ્તરીય પ્રશુલ્ક | ₹. ૧૦.૩૦/kWh | ₹. ૯.૬૪/kWh | ₹. ૮.૯૭/kWh |
| પ્રથમ ૧૨ વર્ષો માટે | ₹. ૧૧.૨૫/kWh | ₹. ૧૦.૩૦/kWh | ₹. ૯.૪૨/kWh |
| બાકીના ૧૩ વર્ષો માટે | ₹. ૭.૫૦/kWh | ₹. ૭.૫૦/kWh | ₹. ૭.૫૦/kWh |
| **કિલોવોટ આધારીત પ્રકલ્પો જેમણે એકત્રિત ઘસારાનો લાભ લીધેલ હોય** | | | |
| ૨૫ વર્ષો માટે સ્તરીય પ્રશુલ્ક | ₹. ૧૧.૧૪/kWh | ₹. ૧૦.૩૬/kWh | ₹. ૯.૬૩/kWh |
| **કિલોવોટ આધારીત પ્રકલ્પો જેમણે એકત્રિત ઘસારાનો લાભ લીધેલ ન હોય** | | | |
| ૨૫ વર્ષો માટે સ્તરીય પ્રશુલ્ક | ₹. ૧૨.૪૪/kWh | ₹. ૧૧.૫૭/kWh | ₹. ૧૦.૭૬/kWh |

## ૫.૫ ગુજરાત - પવન ઉર્જા :

